**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**એસ.ડી. જોષી અને અન્ય**

**વિ.**

**હાઇકોર્ટ ઓફ જ્યુડીકેચર એટ બોમ્બે અને અન્ય**

**(રીટ પીટીશન (સિવિલ) નં. ૫૯૮/૨૦૦૮)**

**નવેમ્બર ૧૧, ૨૦૧૦**

**[ન્યાયમૂર્તિ સ્વતંત્ર કુમાર અને ન્યાયમૂર્તિ ચંદ્રમૌલી કે.આર. પ્રસાદ]**

*ભારતીય સંવિધાન, ૧૯૫૦:*

*અનુચ્છેદ ૨૧૭, ૨૩૩(૧), ૨૩૩(૨) અને ૨૩૬ – મહારાષ્ટ્ર રાજ્યમાં ફેમિલી કોર્ટના ન્યાયાધીશો દ્વારા રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવામાં સમાનતાનો દાવો અને હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી માટે વિચારણા કરવાની અરજ – કોર્ટે ઠેરવેલ કે: ન્યાયનો યોગ્ય વહીવટ, સંવિધાનના મુખ્ય લક્ષ્યો પૈકી એક હોવાથી, તે તમામ કાનૂની ક્ષેત્રોમાં નિશ્ચિત વિશેષજ્ઞતા સાથે સમાજની અપેક્ષાઓ સાથે સુસંગત હોવો જોઈએ – ફેમિલી કોર્ટ્સ એક્ટની કલમ ૨(ડી) માં વ્યાખ્યાયિત મુજબ, ફેમિલી કોર્ટ એ કાયદાનું સર્જન છે અને તેને એક્ટની કલમ ૭(૧) ના*

ખુલાસાના દાયરામાં આવતા પક્ષકારો વચ્ચેના વિવાદોના ન્યાયનિર્ણય અને નિર્ધારણની સત્તા આપવામાં આવી છે – તે મર્યાદિત હકૂમત ધરાવતી કોર્ટ છે – ફેમિલી કોર્ટના ન્યાયાધીશો અને રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓના સભ્યો વચ્ચેની અસમાનતા સ્પષ્ટપણે જોવા મળે છે – તેથી, ફેમિલી કોર્ટના ન્યાયાધીશો તેના 'સામાન્ય અર્થમાં' આવી કોર્ટના 'ન્યાયાધીશો' હોઈ શકે પરંતુ કડક અર્થમાં તેઓ અનુચ્છેદ ૨૩૬(બી) હેઠળ વ્યાખ્યાયિત રાજ્યની 'ન્યાયિક સેવાઓ' ના સભ્યો/અભિન્ન અંગ નથી અથવા તેઓ અનુચ્છેદ ૨૧૭ હેઠળ વિચારાયેલ 'ન્યાયિક હોદ્દો' ધરાવતા નથી, અને તેથી, હાઈકોર્ટમાં બઢતી માટે વિચારણા કરવા અંગે તેઓ કોઈ કાયદેસરનો હક (જસ લેજીટીમમ) ધરાવતા નથી – ફેમિલી કોર્ટ્સ એક્ટ, ૧૯૮૬ – કલમો ૨(એ), ૨(ડી), ૪ અને ૭(૧) – ન્યાયનો વહીવટ.

અનુચ્છેદ ૨૧૭(૨)(એ), ૨૩૩ અને ૨૩૪ – 'ન્યાયિક હોદ્દો' – કોર્ટે ઠેરવેલ કે: 'ન્યાયિક હોદ્દો' ને 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગ સાથે જોડીને વાંચી શકાય છે – 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગને સંવિધાન હેઠળ આપવામાં આવેલા અર્થ કરતાં વધુ વ્યાપક અર્થ આપી શકાય નહીં – ન્યાયાધીશો રાજ્યના કર્મચારીઓ નથી – ન્યાયતંત્રના સભ્યો તરીકે, તેઓ રાજ્યની સાર્વભૌમ ન્યાયિક સત્તાનો ઉપયોગ કરે છે – ટ્રિબ્યુનલના કાર્યો મુખ્યત્વે અર્ધ-ન્યાયિક અને માત્ર સિવિલ ન્યાયશાસ્ત્રના ક્ષેત્રમાં છે અને તેઓ ખૂબ જ મર્યાદિત હકૂમતનો ઉપયોગ કરે છે – તેમને રાજ્યની ન્યાયિક સેવાના અભિન્ન અંગ તરીકે ગણવા અથવા સંવિધાનમાં સમજ્યા મુજબ કોર્ટ કહેવું યોગ્ય રહેશે નહીં.

અનુચ્છેદ ૨૩૬ અને ૨૩૩(૧) 'ડિસ્ટ્રિક્ટ જજ' – 'ન્યાયિક સેવા' – કોર્ટે ઠેરવેલ કે: અનુચ્છેદ ૨૩૬ ની જોગવાઈઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે 'ડિસ્ટ્રિક્ટ જજ' શબ્દપ્રયોગમાં વિવિધ પ્રકારના ન્યાયાધીશોનો સમાવેશ થાય છે પરંતુ ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર્સનો નહીં – તે જ રીતે 'ન્યાયિક સેવા' એટલે ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ અને ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટથી ઉતરતી કક્ષાની અન્ય સિવિલ ન્યાયિક પોસ્ટ્સ ભરવા માટે નિયત કરાયેલ વ્યક્તિઓનો જ સમાવેશ

કરતી સેવા – તેથી, 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગમાં ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર્સનો સમાવેશ થશે નહીં, કારણ કે તેઓ ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ ભરવા માટે પાત્ર વ્યક્તિઓ નથી કે તેઓ ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટથી ઉતરતી કક્ષાની સિવિલ ન્યાયિક પોસ્ટ ધરાવતા નથી – ફેમિલી કોર્ટ્સ એક્ટ, ૧૯૮૪ – ફેમિલી કોર્ટ (રિક્રુટમેન્ટ એન્ડ સર્વિસ કન્ડિશન્સ) રૂલ્સ, ૧૯૯૦ – બોમ્બે જ્યુડિશિયલ સર્વિસીસ રિક્રુટમેન્ટ રૂલ્સ, ૨૦૦૮.

બોમ્બે જ્યુડિશિયલ સર્વિસીસ રિક્રુટમેન્ટ રૂલ્સ, ૨૦૦૮:

નિયમ ૨ અને ૩(૨), અનુસૂચિ – 'સેવા' – કોર્ટે ઠેરવેલ કે: નિયમો સ્પષ્ટપણે દર્શાવે છે કે ડિસ્ટ્રિક્ટ જજ તરીકે બઢતી માટે હકદાર થવા માટે વ્યક્તિ સિનિયર સિવિલ જજના કેડરની સભ્ય હોવી જોઈએ – રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવામાં નિમણૂક માટે વિચારણા કરવામાં આવે તે પહેલાં વ્યક્તિ ન્યાયિક સેવાની સભ્ય હોવી જોઈએ – નોમિનેશન કેટેગરી હેઠળ નિમણૂક માટે વિચારણા માટે હકદાર એડવોકેટ્સ અથવા અન્ય પાત્ર વ્યક્તિઓએ નિર્ધારિત લાયકાત સંતોષવી પડશે અને નિયમો મુજબ લેખિત પરીક્ષા અને મૌખિક કસોટી પાસ કરવી પડશે – એકવાર વિધાનસભાએ નિયમો ઘડીને ફેમિલી કોર્ટના ન્યાયાધીશોને રાજ્યની 'ન્યાયિક સેવાઓ' ની કેડરમાંથી બાકાત રાખ્યા હોય, તો પછી તેમને અનુમાન દ્વારા અથવા સમાનતાના સિદ્ધાંત પર કેડરના ભાગ તરીકે ગણી શકાય નહીં – સ્ટેટ્યુટ્સનું અર્થઘટન – ફેમિલી કોર્ટ (રિક્રુટમેન્ટ એન્ડ સર્વિસ કન્ડિશન્સ) રૂલ્સ, ૧૯૯૦.

ફેમિલી કોર્ટ્સ એક્ટ, ૧૯૮૬:

કલમ ૨(ડી) અને ૭(૧)(એ) અને (બી) – 'ફેમિલી કોર્ટ' – કોર્ટે ઠેરવેલ કે: ફેમિલી કોર્ટ્સ વિશેષ હકૂમતનો ઉપયોગ કરે છે જે કલમ ૭(૧)(એ) અને (બી) માં જણાવેલ વિષય વસ્તુઓ સુધી મર્યાદિત છે – તેમને કલમ ૭ ની પેટા–કલમ (૧) ના ખુલાસામાં ઉલ્લેખિત પ્રકૃતિના દાવાઓ અને કાર્યવાહીના સંબંધમાં કોઈપણ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અથવા તાબાની સિવિલ કોર્ટ દ્વારા વાપરી શકાય તેવી તમામ હકૂમત આપવામાં આવી છે – આવી કોર્ટને આવી હકૂમત વાપરવાના

*હેતુઓ માટે, જે વિસ્તારમાં ફેમિલી કોર્ટની હકૂમત વિસ્તરે છે તે વિસ્તાર માટે ડિસ્ટ્રિક્ટ કોર્ટ અથવા તાબાની સિવિલ કોર્ટ માનવામાં આવશે – આમ, ફેમિલી કોર્ટ કોર્ટના તમામ લક્ષણો ધરાવે છે અને તેથી તે કોર્ટ છે.*

*કલમ ૨(એ) – ફેમિલી કોર્ટના 'જજ' – કોર્ટે ઠેરવેલ કે: ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર્સ તમામ અલગ અલગ વૈધાનિક કાર્યો કરે છે અને એક્ટની જોગવાઈઓ મુજબ કેસ નક્કી કરે છે – તેઓ ન્યાયિક અને નિર્ણયાત્મક કાર્યો કરે છે અને, તેથી, ભલે મર્યાદિત હકૂમત ધરાવતા હોય, પરંતુ ન્યાયાધીશ છે.*

*શબ્દો અને શબ્દપ્રયોગો:*

*'જજ', 'કોર્ટ' અને 'ટ્રિબ્યુનલ' – નો અર્થ.*

**મહારાષ્ટ્ર રાજ્યમાં ફેમિલી કોર્ટના ન્યાયાધીશો અને પ્રિન્સિપાલ જજીસ દ્વારા પ્રસ્તુત રીટ પીટીશનો દાખલ કરવામાં આવી હતી. તેમનો કેસ એવો હતો કે 'ફેમિલી કોર્ટના ન્યાયાધીશો ભારતના રાજ્યક્ષેત્રમાં ન્યાયિક હોદ્દો ધરાવે છે, તેઓ ન્યાયિક કાર્યો બજાવે છે અને તેથી, તેઓ બોમ્બે હાઈકોર્ટની બેંચ માટે બઢતી માટે વિચારણા કરવા હકદાર છે.'**

**હાઈકોર્ટ ઓફ જ્યુડીકેચર એટ બોમ્બેનો બચાવ એવો હતો કે ભારતમાં ન્યાયિક અધિકારીઓના કેડરના એકીકરણ અંગે શેટ્ટી કમિશન દ્વારા કરવામાં આવેલી ભલામણોના અનુસંધાને, જેને કેટલીક સુધારણાઓ સાથે ઓલ ઈન્ડિયા જજીસ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં આ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવી હતી, મહારાષ્ટ્રમાં ન્યાયિક અધિકારીઓના કેડરના એકીકરણ અને સંકલનના મુદ્દા પર હાઈકોર્ટ દ્વારા રચાયેલી સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવી હતી. સમિતિએ ૨૪.૮.૨૦૦૨ ના રોજ પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો, જેને પછીથી ફુલ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. તેમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશોની કેટેગરીને સંકલનની પ્રક્રિયામાંથી બહાર રાખવી પડશે અને માત્ર પગાર–ધોરણના લાભો જ તેમને વિસ્તૃત કરવાના છે. [પેરા ૫]**

કોર્ટ સમક્ષ વિચારણા માટેના પ્રશ્નો નીચે મુજબ હતા: (એ) 'સંવિધાનના અનુચ્છેદ ૨૧૭(૨)(એ) માં આવતા ન્યાયિક હોદ્દો શબ્દપ્રયોગનો વ્યાપ શું છે?'; (બી) 'શું ફેમિલી કોર્ટ કોર્ટના લક્ષણો ધરાવે છે અને આવી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર્સ હોવાના નામે ફેમિલી કોર્ટના ન્યાયાધીશોને, હકૂમત અને કાર્યોની સમાનતાના દાવા પર, રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓના સભ્યો માનવામાં આવશે?' જો હા; (સી) 'શું ફેમિલી કોર્ટના ન્યાયાધીશ ભારતની સંવિધાનના અનુચ્છેદ ૨૧૭ ની શરતો મુજબ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી માટે વિચારણા કરવા માટે પાત્ર અને હકદાર છે?'

રીટ પીટીશન નામંજૂર કરતા, કોર્ટે ઠેરવેલ કે:

૧. શું 'ફેમિલી કોર્ટ્સ' સામાન્ય રીતે અથવા અન્યથા તમામ ઉદ્દેશો અને હેતુઓ માટે કોર્ટ છે:

૧.૧ ફેમિલી કોર્ટ્સ એક્ટ, ૧૯૮૪ ની કલમ ૨(ડી) માં વ્યાખ્યાયિત અને કલમ ૩ હેઠળ રચાયેલી ફેમિલી કોર્ટ એ કાયદાનું સર્જન છે અને તેને એક્ટની કલમ ૭(૧) ના ખુલાસાના દાયરામાં આવતા પક્ષકારો વચ્ચેના વિવાદોના ન્યાયનિર્ણય અને નિર્ધારણની સત્તા આપવામાં આવી છે. ફેમિલી કોર્ટના ન્યાયાધીશો તરીકે નિયુક્ત થયેલ વ્યક્તિઓ એ તમામ ફરજો અને કાર્યો કરે છે જે સિવિલ અથવા ક્રિમિનલ કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા કરવામાં આવતા કાર્યો સમાન છે, જોકે ખૂબ જ મર્યાદિત અંશે. જો ટ્રિબ્યુનલ પાસે કોર્ટના તમામ લક્ષણો હોય અને માપદંડો સંતોષતા હોય તો તેને કોર્ટ કહી શકાય. દરેક કોર્ટ ટ્રિબ્યુનલ હોઈ શકે પરંતુ દરેક ટ્રિબ્યુનલ જરૂરી રીતે કોર્ટ ન પણ હોય. એકવાર 'કોર્ટ' ના આવશ્યક લક્ષણો સંતોષાઈ જાય, પછી તેને 'કોર્ટ' કહેવી પડશે. ફેમિલી કોર્ટની વૈધાનિક જોગવાઈઓ આ ઘટકોને સ્પષ્ટપણે સંતોષે છે. ફેમિલી કોર્ટ કોર્ટના તમામ લક્ષણો ધરાવે છે અને તેથી તે કોર્ટ છે. [પેરા ૧૪, ૧૬ અને ૧૭]

૧.૨ 'જજ' એ એક સામાન્ય શબ્દ છે અને અમ્પાયર, આર્બિટર અને આર્બિટ્રેટર જેવા અન્ય શબ્દો આ શબ્દની જ પ્રજાતિઓ છે. ન્યાયાધીશ, મુખ્યત્વે,

વિવાદોની તમામ બાબતો નક્કી કરે છે અને આજે કાયદો શું છે, તેમજ ભવિષ્ય માટે કાયદો શું હશે તે જાહેર કરે છે અને સરકારની નિમણૂક હેઠળ કાર્ય કરે છે. એક્ટની કલમ ૨(એ) હેઠળ 'જજ' શબ્દપ્રયોગનો અર્થ ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ, એડિશનલ પ્રિન્સિપાલ જજ અથવા અન્ય જજ થાય છે. ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ જજીસ તમામ અલગ અલગ વૈધાનિક કાર્યો કરે છે અને એક્ટની જોગવાઈઓ મુજબ કેસો નક્કી કરે છે. એ નોંધવું જોઈએ કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશોનો પ્રાથમિક ઉદ્દેશ્ય અને ફરજ દાવા અથવા કાર્યવાહીના સંદર્ભમાં પક્ષકારોને સમાધાન પર પહોંચવા માટે પ્રયાસ કરવા અને સમજાવવાની છે, જેમાં તે યોગ્ય લાગે તેવી પ્રક્રિયા અનુસરી શકે છે. આમ, ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર્સ ન્યાયિક અને નિર્ણયાત્મક કાર્યો કરી રહ્યા છે અને તેથી, મર્યાદિત હકૂમત હોવા છતાં, ન્યાયાધીશ છે. [પેરા ૧૪ અને ૧૭]

એક્સ પાર્ટ ડેવિસ (૧૮૫૭) ૫ ડબલ્યુ.આર.૫૨૩ – સંદર્ભિત.

૨. શું અરજીકર્તાઓને મહારાષ્ટ્ર રાજ્યની 'ન્યાયિક સેવાઓ' ના ભાગ તરીકે ગણી શકાય:

૨.૧ એક્ટની કલમ ૪ ની આવશ્યકતા છે કે એક્ટ હેઠળ જજની પોસ્ટ પર નિમણૂક નોમિનેશન દ્વારા તે ઉમેદવારોમાંથી થવી જોઈએ કે જેઓ કલમ ૪ ની પેટા–કલમ (૩) ના ખંડો (એ) થી (સી) હેઠળ જણાવેલ લાયકાત સંતોષતા હોય. ફેમિલી કોર્ટના ન્યાયાધીશોની પોસ્ટ્સ માટે અરજીઓ આમંત્રિત કરતી મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેરાત સ્પષ્ટપણે દર્શાવે છે કે પ્રશ્નગત પોસ્ટ માટે વિવિધ વર્ગના વ્યક્તિઓ અરજી કરવા માટે પાત્ર હતા. પ્રથમ, સાત વર્ષના સમયગાળા માટે કાયદાના વિશેષ જ્ઞાનની જરૂર હોય તેવા કેન્દ્ર અથવા રાજ્ય હેઠળના ન્યાયિક હોદ્દા અથવા ટ્રિબ્યુનલના સભ્યના હોદ્દા અથવા પોસ્ટ ધરાવતા વ્યક્તિઓ પાત્ર હતા. અન્ય પાત્ર વર્ગ એવા વકીલોનો હતો જેઓ બોમ્બે હાઈકોર્ટ અથવા તેની શાખાઓ, જેમાં પણજીનો સમાવેશ થાય છે, અથવા તેના તાબાની કોર્ટોમાં સાત વર્ષના સમયગાળા માટે એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરતા હોય. વ્યક્તિલક્ષી કાયદામાં વિશેષતા સાથે કાયદામાં અનુસ્નાતક

**હોય તેવી વ્યક્તિ પણ પાત્ર હતી. બીજો એક વર્ગ એવો હતો કે જેઓ સમાજ વિજ્ઞાનમાં અનુસ્નાતક ડિગ્રી ધરાવતા હોય, જેમ કે માસ્ટર ઓફ સોશિયલ વેલ્ફેર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન સાથે કાયદાની ડિગ્રી અને સરકારી વિભાગ અથવા કોલેજ અથવા યુનિવર્સિટીમાં સંશોધન અથવા શિક્ષણના ક્ષેત્રમાં સાત વર્ષનો અનુભવ ધરાવતા હોય. તેથી, મહારાષ્ટ્ર રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓમાં ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ પર પસંદગી માટે પ્રદાન કરવામાં આવેલા પાત્રતા માપદંડો કરતાં પાત્રતા માપદંડો થોડા અલગ અને વિશિષ્ટ હતા. અરજીકર્તાઓ, દેખીતી રીતે જ, ઉપરોક્ત વર્ગોમાંથી એકમાં આવે છે અને તેઓ યોગ્ય જણાતા, હાઈકોર્ટના પરામર્શમાં સરકાર દ્વારા રચાયેલ સક્ષમ સત્તામંડળ દ્વારા પ્રશ્નગત પોસ્ટ્સ પર પસંદ/નિયુક્ત કરવામાં આવ્યા હતા. [પેરા ૨ અને ૧૧]**

**૨.૨ ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૩૩, ૨૩૪ અને અનુચ્છેદ ૩૦૯ ની શરત સાથે વંચાણે લેતા અનુચ્છેદ ૨૩૫ દ્વારા પ્રદત્ત સત્તાઓનો ઉપયોગ કરીને, મહારાષ્ટ્રના રાજ્યપાલે, મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન અને બોમ્બે હાઈકોર્ટના પરામર્શ પછી 'ધ બોમ્બે જ્યુડિશિયલ સર્વિસીસ રિક્રુટમેન્ટ રૂલ્સ, ૨૦૦૮' તરીકે ઓળખાતા નિયમો ઘડ્યા, જેણે બોમ્બે જ્યુડિશિયલ સર્વિસીસ રિક્રુટમેન્ટ રૂલ્સ, ૧૯૫૬ ને રદ કર્યા. ૨૦૦૮ ના નિયમોનો નિયમ ૨ 'સેવા' ને મહારાષ્ટ્ર ન્યાયિક સેવા તરીકે વ્યાખ્યાયિત કરે છે. નિયમ ૩(૨) જણાવે છે કે સેવાઓમાં ૨૦૦૮ ના નિયમો સાથે જોડાયેલ અનુસૂચિની કોલમ ૨ માં ઉલ્લેખિત કેડરનો સમાવેશ થશે અને તેમાંથી દરેક કેડરમાં પોસ્ટ્સનું સ્વરૂપ અને સંખ્યા તેમાં કોલમ (૩) માં અનુરૂપ નોંધોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ રહેશે. [પેરા ૧૮–૧૯]**

**સિવિલ ઓરિજિનલ જ્યુરિસડિક્શન: રીટ પીટીશન (સી) નં. ૫૯૮/૨૦૦૮.**

હાજર રહેલા પક્ષકારો વતી શ્રી શેખર નફડે અને વી.એ. મોહતા, એચ.પી. રાવલ, એ.એસ.જી., શુભાંગી તુલી, વિમલ ચંદ્ર એસ. દવે, રુકમિણી બોબડે,

નીલકાંત નાયક, સૌમી ગુહા ઠાકુરતા (પી.એચ. પારેખ એન્ડ કં. વતી), આર.કે. રાઠોડ, શ્વેતા વર્મા, હરીશ કુમાર ખીંચી, અનિલ કટિયાર અને આશા ગોપાલન નાયર.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ સ્વતંત્ર કુમાર દ્વારા આપવામાં આવેલ.

૧. વર્તમાન રીટ પીટીશનમાં, ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૩૨ હેઠળ, કેટલાક કાનૂની મહત્વ અને પરિણામોના નીચે મુજબના સરળ પરંતુ પ્રશ્નો વિચારણા માટે ઉપસ્થિત થાય છે:

(એ) સંવિધાનના અનુચ્છેદ ૨૧૭(૨)(એ) માં આવતા 'ન્યાયિક હોદ્દો' શબ્દપ્રયોગનો વ્યાપ શું છે?

(બી) શું 'ફેમિલી કોર્ટ' કોર્ટના લક્ષણો ધરાવે છે અને આવી કોર્ટના પ્રિસાઇડિંગ ઓફિસર્સ હોવાના નામે ફેમિલી કોર્ટના ન્યાયાધીશોને, હકૂમત અને કાર્યોની સમાનતાના દાવા પર, રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓના સભ્યો માનવામાં આવશે?

(સી) જો ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર હકારાત્મકમાં હોય, તો શું ફેમિલી કોર્ટના ન્યાયાધીશ ભારતની સંવિધાનના અનુચ્છેદ ૨૧૭ ની શરતો મુજબ હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી માટે વિચારણા કરવા માટે પાત્ર અને હકદાર છે?

૨. ઉપરોક્ત પ્રશ્નો ઉપસ્થિત કરતા તથ્યો સંક્ષિપ્ત દાયરામાં આવે છે અને તેને ચોક્કસપણે નીચે મુજબ જણાવી શકાય છે:

જોકે સંસદે ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૮૪ ના રોજ ફેમિલી કોર્ટ્સ એક્ટ ૧૯૮૪ (જે હવે પછી 'એક્ટ' તરીકે ઉલ્લેખિત છે) અમલમાં મૂક્યો હતો, તે ૫મી ડિસેમ્બર, ૧૯૮૬ ની જાહેરનામા નં. એસ.ઓ. ૯૪૪(ઈ) દ્વારા ૧લી ડિસેમ્બર, ૧૯૮૬ થી મહારાષ્ટ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવ્યો હતો. તમામ અરજીકર્તાઓ હાલમાં મહારાષ્ટ્ર રાજ્યમાં વિવિધ સ્થળોએ ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજીસ અને ન્યાયાધીશો તરીકે કાર્યરત છે. મહારાષ્ટ્ર સરકારે, હાઈકોર્ટ ઓફ જ્યુડીકેચર એટ બોમ્બેના પરામર્શમાં, એક્ટની કલમો ૪ અને ૨૩ સાથે વંચાણે લેતા ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ હેઠળ નિયમો ઘડ્યા છે જે 'ફેમિલી કોર્ટ (રિક્રુટમેન્ટ એન્ડ સર્વિસ કન્ડિશન્સ) રૂલ્સ, ૧૯૯૦ (ટૂંકમાં, 'નિયમો' તરીકે ઓળખાય છે) કહેવાય છે. એક્ટની કલમ ૪ ની આવશ્યકતા છે કે એક્ટ હેઠળ જજની પોસ્ટ પર નિમણૂક નોમિનેશન દ્વારા તે ઉમેદવારોમાંથી થવી જોઈએ કે જેઓ આ કલમની પેટા-કલમ (૩) ના પેટા-ખંડ (એ) થી (સી) હેઠળ જણાવેલ લાયકાત સંતોષતા હોય. બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર રાજ્યમાં ફેમિલી કોર્ટના ન્યાયાધીશની સાત પોસ્ટ્સ માટે અરજીઓ આમંત્રિત કરતી એક જાહેરાત બહાર પાડી, જે ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૦ ના રોજ પ્રકાશિત કરવામાં આવી હતી. જાહેરાતનો ખંડ (૨) ઉમેદવારોની પાત્રતાને લગતો છે જેઓ પોસ્ટ માટે અરજી કરી શકે છે. જાહેરાતનો ખંડ (૩) મહિલાઓને તેમજ લગ્ન સંસ્થાના રક્ષણ અને જાળવણી કરવાની જરૂરિયાત માટે પ્રતિબદ્ધ વ્યક્તિઓને પ્રાધાન્ય આપવા અને બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા અને આ પોસ્ટ્સ પર નિમણૂક માટે સમાધાન અને કાઉન્સેલિંગ દ્વારા વિવાદોના પતાવટમાં અનુભવ અને

વિશેષજ્ઞતા ધરાવતા વ્યક્તિઓને પ્રાધાન્ય આપવાનો ઉલ્લેખ કરે છે. આ જાહેરાતમાં પસંદગી માટેના નિયંત્રણો અથવા ગેરલાયકાતો પણ હતી. ઉમેદવારની બે વર્ષના સમયગાળા માટે પ્રોબેશન પર નિમણૂક કરવાની હતી અને જો કાયમી ખાલી જગ્યા અસ્તિત્વમાં હોય અને ઉમેદવારનું કાર્ય સંતોષકારક જણાતું હોય તો તેને સદરહુ પોસ્ટ પર કાયમી કરી શકાય છે. હાઈકોર્ટ દ્વારા રચવામાં આવેલી સમિતિ દ્વારા ઉમેદવારોનો ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો હતો અને પસંદ કરાયેલા ઉમેદવારોને ફેમિલી કોર્ટના ન્યાયાધીશો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, ત્યારબાદ અરજીકર્તા નં. ૧, ૨ અને ૪ ને ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજીસ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અરજીકર્તાઓનો કેસ એવો છે કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશો ભારતના રાજ્યક્ષેત્રમાં 'ન્યાયિક હોદ્દો' ધરાવે છે, તેઓ ન્યાયિક કાર્યો બજાવે છે અને તેથી, તેઓ બોમ્બે હાઈકોર્ટની બેંચ માટે બઢતી માટે વિચારણા કરવા હકદાર છે. આ દલીલને સ્પષ્ટ કરવા માટે, એવું જણાવવામાં આવ્યું છે કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશની પોસ્ટ પર નિમણૂક વૈધાનિક નિયમો હેઠળ કરવામાં આવે છે. વધુમાં, ફેમિલી કોર્ટના ન્યાયાધીશની ફરજો અને જવાબદારીઓ સિટી સિવિલ કોર્ટના ન્યાયાધીશની ફરજો અને જવાબદારીઓ સમાન છે. એક્ટની કલમ ૮ એવી બાબતોમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને સિટી સિવિલ કોર્ટની હકૂમતને બાકાત રાખવાની જોગવાઈ કરે છે કે જેમાં હકૂમત માત્ર ફેમિલી કોર્ટમાં નિહિત છે. એક્ટની કલમ ૧૯ જોગવાઈ કરે છે કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ સામેની અપીલ હાઈકોર્ટમાં રહેશે. આમ, તેઓ સંવિધાનના અનુચ્છેદ ૨૧૭ હેઠળ વિચારાયેલ

'ન્યાયિક હોદ્દો' ધરાવે છે અને સિવિલ કોર્ટના તમામ લક્ષણો સંતોષતી વખતે કાર્યાત્મક હકૂમત સાથે સમાનતા ધરાવે છે અને તેથી, તેઓને હાઇકોર્ટમાં બઢતી માટે લાયક ગણવા જોઈએ. જોકે, અરજીકર્તાઓએ સેવામાંથી હાઇકોર્ટના ન્યાયાધીશની પોસ્ટ પર બઢતી અંગે હાઇકોર્ટ દ્વારા અનુસરવામાં આવતી પ્રેક્ટિસ પરથી એવું સમજ્યા હોવાનો દાવો કર્યો હતો કે નિયમોના નિયમ ૩(બી) હેઠળ નિયુક્ત ફેમિલી કોર્ટના ન્યાયાધીશોને સદરહુ હોદ્દાની પોસ્ટ માટે ધ્યાનમાં લેવામાં આવતા નથી.

૩. આ પ્રેક્ટિસથી નારાજ થઈને, તેઓએ ૩૦મી જૂન, ૨૦૦૩ ના રોજ બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ રજૂઆત કરી. આ રજૂઆતમાં આ તમામ મુદ્દાઓ પર વિચારણા કરવામાં આવી હતી. હાઈકોર્ટે, તેના ૭મી મે, ૨૦૦૭ ના પત્ર દ્વારા, રજૂઆત નામંજૂર કરી, જેના પરિણામે વર્તમાન રીટ પીટીશન દાખલ કરવામાં આવી.

૪. હાઈકોર્ટ ઓફ જ્યુડીકેચર એટ બોમ્બે વતી માત્ર જવાબ દાખલ કરવામાં આવ્યો છે જે, દલીલોના કોર્સ દરમિયાન, મહારાષ્ટ્ર રાજ્ય વતી હાજર રહેલા વકીલ દ્વારા અપનાવવામાં આવ્યો હતો. તથ્યો અંગે ભાગ્યે જ કોઈ વિવાદ છે. ૩૦મી જૂન, ૨૦૦૩ ના રોજ બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને રજૂઆત કરવામાં આવ્યા પછી, અરજીકર્તાઓએ સદરહુ રજૂઆત અંગે નિર્ણય લેવા માટે નિર્દેશની અરજ કરતી ૨૦૦૫ ની રીટ પીટીશન નં. ૩૭૨૬ પણ દાખલ કરી હતી, જેનો નિકાલ બોમ્બે હાઈકોર્ટની બેંચ દ્વારા ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૫ ના રોજ નીચે મુજબનો હુકમ પસાર કરીને કરવામાં આવ્યો હતો:

"પી.સી.: અરજીકર્તાઓ વતી વિદ્વાન વકીલ અને સામાવાળાઓ વતી વિદ્વાન આસિસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લીડરને સાંભળ્યા. રૂલ. સામાવાળાઓ વતી વિદ્વાન આસિસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લીડર રૂલની બજવણી જતી કરે છે. સંમતિથી, રૂલ રિટર્નેબલ કરવામાં આવેલ અને તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવેલ. પીટીશનની અરજ (બી) ના સંદર્ભમાં રૂલ એબ્સોલ્યુટ કરવામાં આવે છે. તે મુજબ રીટ પીટીશનનો નિકાલ કરવામાં આવે છે."

૧૨. આપણે જે સૌથી પહેલો અને મુખ્ય પ્રશ્ન તપાસવાની જરૂર છે તે એ છે કે શું એક્ટની કલમ ૩ હેઠળ સ્થપાયેલી ફેમિલી કોર્ટ સામાન્ય રીતે અને ખાસ કરીને સિવિલ પ્રોસિજર કોડની જોગવાઈઓ હેઠળ કોર્ટ છે? તે અગાઉ નોંધવામાં આવ્યું છે કે એક્ટની કલમ ૨(ડી) હેઠળ 'ફેમિલી કોર્ટ' ને એક્ટની કલમ ૩ હેઠળ સ્થપાયેલી ફેમિલી કોર્ટ તરીકે વ્યાખ્યાચિત કરવામાં આવી છે. કલમ ૩ ની શરતો મુજબ, રાજ્યમાં દસ લાખથી વધુ વસ્તી ધરાવતા દરેક વિસ્તાર, જેમાં શહેર અથવા નગરનો સમાવેશ થાય છે, માટે હાઈકોર્ટના પરામર્શથી રાજ્ય સરકાર દ્વારા ફેમિલી કોર્ટની સ્થાપના કરી શકાય છે. ફેમિલી કોર્ટના 'જજ' ની નિમણૂક હાઈકોર્ટની સંમતિથી રાજ્ય સરકાર દ્વારા કરવાની રહેશે. કલમ ૪(૪) હેઠળ, એક્ટ એવી અપેક્ષા રાખે છે કે લગ્ન સંસ્થાના રક્ષણ અને જાળવણી કરવાની જરૂરિયાત માટે પ્રતિબદ્ધ હોય અને બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે અને આવા ક્ષેત્રમાં તેમના અનુભવના કારણે લાયક હોય તેવા વ્યક્તિઓ અને મહિલાઓને ફેમિલી કોર્ટના ન્યાયાધીશો તરીકે નિમણૂકમાં પ્રાધાન્ય આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે દરેક પ્રયાસ કરવામાં આવશે. આ ફેમિલી કોર્ટ્સ વિશેષ હકૂમતનો ઉપયોગ કરવાની છે જે એક્ટની કલમ ૭(૧)(એ) અને (બી)

હેઠળ જણાવેલ વિષય વસ્તુઓ સુધી મર્યાદિત છે. કલમ ૭ ની પેટા–કલમ (૧) ના ખુલાસામાં ઉલ્લેખિત પ્રકૃતિના દાવાઓ અને કાર્યવાહીના સંબંધમાં, તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ કોઈપણ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અથવા કોઈપણ તાબાની સિવિલ કોર્ટ દ્વારા વાપરી શકાય તેવી તમામ હકૂમત ફેમિલી કોર્ટ્સને આપવામાં આવી છે. આવા કાયદા હેઠળ આવી હકૂમત વાપરવાના હેતુઓ માટે, જે વિસ્તારમાં ફેમિલી કોર્ટની હકૂમત વિસ્તરે છે તે વિસ્તાર માટે આવી કોર્ટને ડિસ્ટ્રિક્ટ કોર્ટ અથવા તાબાની સિવિલ કોર્ટ માનવામાં આવશે. કલમ ૭ ની પેટા–કલમ (૧) નો ખુલાસો જણાવે છે કે આવી કોર્ટ દ્વારા કયા પ્રકારની હકૂમતનો ઉપયોગ કરી શકાય છે. ખુલાસો આ મુજબ વંચાય છે :

> "ખુલાસો.–આ પેટા–કલમમાં ઉલ્લેખિત દાવાઓ અને કાર્યવાહીઓ નીચે મુજબના પ્રકારના દાવાઓ અને કાર્યવાહીઓ છે, એટલે કે:– (એ) લગ્નના પક્ષકારો વચ્ચે લગ્ન રદબાતલ કરવાના હુકમનામા માટે (લગ્નને રદબાતલ અને શૂન્ય જાહેર કરવા અથવા, જે પણ કિસ્સો હોય, લગ્નને રદ કરવા) અથવા દામ્પત્ય અધિકારોની પુનઃસ્થાપના અથવા ન્યાયિક અલગતા અથવા લગ્ન વિચ્છેદન માટેનો દાવો અથવા કાર્યવાહી; (બી) લગ્નની માન્યતા અંગે અથવા કોઈપણ વ્યક્તિની વૈવાહિક સ્થિતિ અંગે ઘોષણા માટેનો દાવો અથવા કાર્યવાહી; (સી) પક્ષકારોની અથવા તેમના પૈકી કોઈની મિલકતના સંબંધમાં લગ્નના પક્ષકારો વચ્ચેનો દાવો અથવા કાર્યવાહી; (ડી) વૈવાહિક સંબંધમાંથી ઉદ્ભવતા સંજોગોમાં હુકમ અથવા મનાઈહુકમ માટેનો દાવો અથવા કાર્યવાહી; (ઈ) કોઈપણ વ્યક્તિની કાયદેસરતા અંગે ઘોષણા માટેનો દાવો અથવા કાર્યવાહી; (એફ) ભરણપોષણ માટેનો દાવો અથવા કાર્યવાહી; (જી) કોઈપણ સગીર વ્યક્તિના વાલીપણા અથવા તેના કબજા માટે અથવા તેના સંપર્ક સંબંધિત દાવો અથવા કાર્યવાહી."

૧૩. કલમ ૮ વધુમાં જણાવે છે કે એક્ટની કલમ ૭ ની પેટા–કલમ (૧) હેઠળ જે બાબતો સ્પષ્ટપણે જણાવવામાં આવી છે તેના પર કોઈ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અથવા કોઈપણ તાબાની સિવિલ કોર્ટને હકૂમત રહેશે નહીં, જે વિસ્તાર પર તે હકૂમતનો ઉપયોગ કરે છે. તે ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ના પ્રકરણ ૯ હેઠળ ફેમિલી કોર્ટ જે વિસ્તાર પર હકૂમતનો ઉપયોગ કરે છે તેના સંબંધમાં મેજિસ્ટ્રેટની હકૂમતને પણ બાકાત રાખે છે. એક્ટની કલમ ૭ ની પેટા–કલમ (૧) ના ખુલાસામાં ઉલ્લેખિત પ્રકૃતિનો દરેક પડતર દાવો અથવા કાર્યવાહી, તેમજ ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ના પ્રકરણ ૯ હેઠળની દરેક કાર્યવાહી આવી ફેમિલી કોર્ટમાં તબદીલ થવા પાત્ર હતી. કલમ ૧૦ કોર્ટને સિવિલ પ્રોસિજર કોડ, ૧૯૦૮ ની જોગવાઈઓ હેઠળ સિવિલ કોર્ટને ઉપલબ્ધ પ્રક્રિયા અને સત્તાઓ તેમજ ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ ના પ્રકરણ ૯ હેઠળ મેજિસ્ટ્રેટને ઉપલબ્ધ પ્રક્રિયા અને સત્તાઓ અનુસરવાની જરૂર પાડે છે. આવી જોગવાઈઓ ફેમિલી કોર્ટને લાગુ કરવા ઉપરાંત, કલમ ૧૦ ની પેટા–કલમ (૩) દાવા અથવા કાર્યવાહીના વિષય વસ્તુના સંદર્ભમાં સમાધાન પર પહોંચવાના હેતુથી પોતાની પ્રક્રિયા નક્કી કરવા માટે ફેમિલી કોર્ટમાં મોટી સત્તાઓ નિહિત કરે છે. નિર્ધારિત પ્રક્રિયા મુજબ પુરાવા લેવા અને એફિડેવિટ દ્વારા મૌખિક અને/અથવા પુરાવા નોંધવા માટે એવિડન્સ એક્ટની જોગવાઈઓ લાગુ કરવા માટે આવી કોર્ટને વધુ સત્તા આપવામાં આવી છે. એક પક્ષકાર દ્વારા કરવામાં આવેલા અને બીજા દ્વારા નકારવામાં આવેલા આક્ષેપોનું સત્ય અથવા અન્યથા તપાસવાની સત્તા તેને ખાસ આપવામાં આવી છે. પુરાવા પૂર્ણ થયા પછી, ફેમિલી કોર્ટના ચુકાદામાં

સદરહુ મામલાનું સંક્ષિપ્ત નિવેદન, નિર્ધારણ માટેના મુદ્દાઓ, તેના પરનો નિર્ણય અને આવા નિર્ણય માટેના કારણો હોવા જરૂરી છે. ફેમિલી કોર્ટના હુકમનામા અને હુકમના અમલના હેતુ માટે, સિવિલ પ્રોસિજર કોડ તેમજ ક્રિમિનલ પ્રોસિજર કોડના પ્રકરણ ૯ ની જોગવાઈઓ લાગુ કરવામાં આવી છે જેથી સિવિલ અને ક્રિમિનલ કાયદા હેઠળ સક્ષમ હકૂમત ધરાવતી કોર્ટના હુકમનામા અને/અથવા હુકમની જેમ જ આ હુકમોનો અમલ થાય તે સુનિશ્ચિત કરી શકાય. વધુમાં, એક્ટ હેઠળ અપીલની પ્રક્રિયા ખાસ પૂરી પાડવામાં આવી છે. ફેમિલી કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ દરેક ચુકાદો અને હુકમ, જે વચગાળાનો હુકમ ન હોય, તે હાઈકોર્ટમાં તથ્યો અને કાયદા બંને પર અપીલપાત્ર છે, જેનો નિકાલ હાઈકોર્ટ દ્વારા એક્ટની કલમ ૧૯ હેઠળ જણાવેલ પ્રક્રિયા મુજબ કરવાનો રહેશે. આ એક્ટ તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં સમાવિષ્ટ અસંગત બાબતો હોવા છતાં અસર ધરાવશે.

૧૪. તેથી, આ એક્ટની વિવિધ જોગવાઈઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે એક્ટની કલમ ૭(૧) ના ખુલાસાના દાયરામાં આવતા પક્ષકારો વચ્ચેના વિવાદોના ન્યાયનિર્ણય અને નિર્ધારણની સત્તા, કાયદાનું સર્જન એવી ફેમિલી કોર્ટને આપવામાં આવી છે. ફેમિલી કોર્ટના જજ તરીકે નિયુક્ત થયેલ વ્યક્તિઓ એ તમામ ફરજો અને કાર્યો કરે છે જે સિવિલ અથવા ક્રિમિનલ કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા કરવામાં આવતા કાર્યો સમાન છે, જોકે ખૂબ જ મર્યાદિત અંશે. એક્ટની કલમ ૨(એ) હેઠળ 'જજ' શબ્દપ્રયોગનો અર્થ ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ, એડિશનલ પ્રિન્સિપાલ જજ અથવા અન્ય જજ થાય છે.

ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ જજીસ ઉપર જણાવ્યા મુજબના તમામ અલગ અલગ વૈધાનિક કાર્યો કરે છે અને એક્ટની જોગવાઈઓ મુજબ કેસો નક્કી કરે છે. એ નોંધવું જોઈએ કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશોનો પ્રાથમિક ઉદ્ધેશ્ય અને ફરજ દાવા અથવા કાર્યવાહીના સંદર્ભમાં પક્ષકારોને સમાધાન પર પહોંચવા માટે પ્રયાસ કરવા અને સમજાવવાની છે, જેમાં તે યોગ્ય લાગે તેવી પ્રક્રિયા અનુસરી શકે છે.

૧૫. આ પ્રશ્ન આપણને વધુ વિલંબમાં ન નાખવો જોઈએ, કારણ કે આ અંગેનો કાયદો હવે રેસ ઈન્ટિગ્રા (વણઉકેલાયેલ) રહ્યો નથી અને હરિનાગર સુગર મિલ્સ લિમિટેડ (ઉપર મુજબ) ના કેસમાં આ કોર્ટની કન્સ્ટિટ્યુશન બેન્ચ દ્વારા આખરી રીતે જણાવવામાં આવ્યો છે. જસ્ટિસ હિદાયતુલ્લાહ, જેઓ તે સમયે ન્યાયમૂર્તિ હતા, તેમણે પોતાના કારણો આપતી વખતે કેન્દ્ર સરકારના હુકમને રદ કરતી અપીલને માન્ય રાખવામાં અન્ય ન્યાયાધીશો સાથે સંમતિ દર્શાવી હતી. અપીલની ટકવાપાત્રતા અંગે ટિપ્પણી કરતી વખતે, તેમણે 'કોર્ટ' અને 'ટ્રિબ્યુનલ' વચ્ચેનો તફાવત દર્શાવ્યો અને આ અપીલની સુનાવણી કરતી વખતે કેન્દ્ર સરકાર ટ્રિબ્યુનલ હતી કે કેમ તે પ્રશ્નનો ઉકેલ લાવ્યો અને નીચે મુજબ ઠેરવ્યું:-

> "૩૧. સભ્યતાના વિકાસ અને આધુનિક જીવનની સમસ્યાઓ સાથે, મોટી સંખ્યામાં વહીવટી ટ્રિબ્યુનલો અસ્તિત્વમાં આવી છે. આ ટ્રિબ્યુનલોને મૂલ્યવાન અધિકારો પર ચુકાદો આપવાની કાયદાની સત્તા હોય છે; તેઓ ન્યાયિક રીતે અને શપથ પરના પુરાવા પર પણ કાર્ય કરે છે, પરંતુ તેઓ સિવિલ ન્યાયતંત્રની સામાન્ય કોર્ટોનો ભાગ નથી. તેઓ રાજ્યની ન્યાયિક સત્તાનો ઉપયોગ વહેંચે છે, પરંતુ તેઓ

કેટલીક વહીવટી નીતિના અમલ માટે અથવા કેટલાક વહીવટી કાયદામાંથી ઉદ્ભવતા વિવાદો નક્કી કરવા માટે અસ્તિત્વમાં લાવવામાં આવે છે. તેઓ કોર્ટ સમાન જ હોય છે, પરંતુ કોર્ટ નથી હોતી. જ્યારે સંવિધાન અનુચ્છેદ ૧૩૬, ૨૨૭ અથવા ૨૨૮ માં અથવા અનુચ્છેદ ૨૩૩ થી ૨૩૭ માં અથવા યાદીઓમાં "કોર્ટ" ની વાત કરે છે, ત્યારે તે સિવિલ ન્યાયતંત્રની કોર્ટની અપેક્ષા રાખે છે પરંતુ આવી કોર્ટ સિવાયની ટ્રિબ્યુનલની નહીં. અનુચ્છેદ ૧૩૬ અને ૨૨૭ માં બંને શબ્દપ્રયોગોનો ઉપયોગ કરવાનું આ કારણ છે. "કોર્ટ" નો અર્થ સિવિલ ન્યાયતંત્રની કોર્ટ થાય છે અને "ટ્રિબ્યુનલ" નો અર્થ એવા વ્યક્તિઓના સમૂહ થાય છે જેમને અમુક વિશેષ કાયદાઓ હેઠળ ઉદ્ભવતા વિવાદો નક્કી કરવા માટે નિયુક્ત કરવામાં આવે છે. આવા વિવાદો નક્કી કરવાની સત્તા રાજ્યની સત્તાઓમાં સામેલ છે. આ નિઃશંકપણે રાજ્યના લક્ષણો પૈકીનું એક છે, અને તેને રાજ્યની ન્યાયિક સત્તા યોગ્ય રીતે કહેવામાં આવે છે. આ સત્તાના ઉપયોગમાં, સ્પષ્ટ વિભાજન જોવા મળે છે. વ્યાપક રીતે કહીએ તો, અમુક વિશેષ બાબતો ટ્રિબ્યુનલ સમક્ષ જાય છે, અને બાકીની બાબતો સિવિલ ન્યાયતંત્રની સામાન્ય કોર્ટ સમક્ષ જાય છે. તેમની પ્રક્રિયાઓ અલગ હોઈ શકે છે, પરંતુ કાર્યો આવશ્યકપણે અલગ નથી હોતા. તેમને શું અલગ પાડે છે તે ક્યારેય સફળતાપૂર્વક સ્થાપિત થયું નથી. લોર્ડ સ્ટેમ્પે કહ્યું હતું કે વાસ્તવિક તફાવત એ છે કે કોર્ટમાં "નિર્લેપતાની હવા" હોય છે. પરંતુ આ ઉંમર અને પરંપરાની બાબત વધુ છે અને તે મૂળભૂત નથી. તાજેતરના વર્ષોમાં, ઘણી ટ્રિબ્યુનલોએ એટલી સારી રીતે અને એવી નિર્લેપતા સાથે પોતાને નિર્દોષ સાબિત કર્યા છે કે આ કસોટી અપૂરતી સાબિત થાય છે. શેલ કંપની ઓફ ઓસ્ટ્રેલિયા વિ. ફેડરલ કમિશનર ઓફ ટેક્સેશનમાં લોર્ડ સેન્કી, એલ.સી. એ અવલોકન કર્યું હતું: "સત્તાવાળાઓ એ દર્શાવવા માટે સ્પષ્ટ છે કે કોર્ટના ઘણા લક્ષણો ધરાવતી ટ્રિબ્યુનલ છે, જે, તેમ છતાં, ન્યાયિક

સત્તાનો ઉપયોગ કરવાના કડક અર્થમાં કોર્ટ નથી.... તે સંદર્ભમાં આ વિષય પર કેટલીક નકારાત્મક દરખાસ્તો દર્શાવવી ઉપયોગી થઈ શકે છે: ૧. ટ્રિબ્યુનલ આ કડક અર્થમાં જરૂરી રીતે કોર્ટ નથી કારણ કે તે અંતિમ નિર્ણય આપે છે. ૨. ન તો એટલા માટે કારણ કે તે શપથ પર સાક્ષીઓને સાંભળે છે. ૩. ન તો એટલા માટે કે તેની સમક્ષ બે કે તેથી વધુ હરીફ પક્ષકારો હાજર થાય છે જેમની વચ્ચે તેણે નિર્ણય લેવાનો હોય છે. ૪. ન તો એટલા માટે કે તે એવા નિર્ણયો આપે છે જે વિષયોના અધિકારોને અસર કરે છે. ૫. ન તો એટલા માટે કે કોર્ટમાં અપીલ થઈ શકે છે. ૬. ન તો એટલા માટે કે તે એવી સંસ્થા છે જેને અન્ય સંસ્થા દ્વારા મામલો સંદર્ભિત કરવામાં આવે છે. રેક્સ વિ. ઇલેક્ટ્રિસિટી કમિશનર્સ જુઓ" ૩૨. મારા મતે, કડક અર્થમાં કોર્ટ એ ટ્રિબ્યુનલ છે જે રાજ્યની ન્યાયિક સત્તાનો ઉપયોગ કરવા માટે તેના સંવિધાન હેઠળ રાજ્ય દ્વારા જાળવવામાં આવતી સિવિલ ન્યાયતંત્રની કોર્ટના સામાન્ય વંશવેલાનો એક ભાગ છે. આ કોર્ટો કાયદા દ્વારા તેમની હકૂમતમાંથી બાકાત રાખવામાં આવેલા કાર્યો સિવાયના રાજ્યના તમામ ન્યાયિક કાર્યો કરે છે. નોંધનીય છે કે, "ન્યાયિક" શબ્દ પોતે બે અર્થો ધરાવી શકે છે. રોયલ એક્વેરિયમ એન્ડ સમર એન્ડ વિન્ટર ગાર્ડન સોસાયટી વિ. પાર્કિન્સનમાં લોપેસ, એલ.જે. દ્વારા આ શબ્દોમાં તેમને પ્રશંસાપૂર્વક જણાવવામાં આવ્યા હતા: "શબ્દ 'ન્યાયિક' ના બે અર્થ છે. તે કોર્ટમાં ન્યાયાધીશ અથવા જસ્ટિસ દ્વારા વાપરી શકાય તેવી ફરજોના નિર્વહન અથવા વહીવટી ફરજોનો સંદર્ભ આપી શકે છે જે કોર્ટમાં બજાવવાની જરૂર નથી, પરંતુ જેના સંદર્ભમાં ન્યાયિક મન લાગુ કરવું જરૂરી છે – એટલે કે, વિચારણા હેઠળની બાબતોના સંદર્ભમાં શું યોગ્ય અને ન્યાયી છે તે નક્કી કરવા માટેનું મન." કોઈ અધિકારીએ બીજા અર્થમાં "ન્યાયિક રીતે" તેની સમક્ષની બાબતો નક્કી કરવાની જરૂર હોય તે તેને કોર્ટ અથવા તો ટ્રિબ્યુનલ પણ બનાવતું નથી, કારણ કે તે માત્ર એટલું જ

સ્થાપિત કરે છે કે તે આચરણના ધોરણનું પાલન કરે છે, અને પક્ષપાત અથવા હિતથી મુક્ત છે.

XXX XXX XXX

હવે, તેના કાર્યોમાં સરકાર વારંવાર નિર્ણયો પર પહોંચે છે, પરંતુ સરકારના તમામ નિર્ણયોને ટ્રિબ્યુનલના નિર્ણયો ગણી શકાય નહીં. સરકારના ઠરાવો પક્ષકારોના અધિકારોને અસર કરી શકે છે, છતાં પણ તેઓ ન્યાયિક સત્તાના ઉપયોગમાં ન હોઈ શકે. સરકારના ઠરાવો યોગ્ય કેસોમાં અનુચ્છેદ ૩૨ અને ૨૨૬ હેઠળ રીટને આધીન હોઈ શકે છે, પરંતુ ટ્રિબ્યુનલના નિર્ણયો તરીકે અનુચ્છેદ ૧૩૬ હેઠળ સીધી અપીલને આધીન ન પણ હોઈ શકે. જોકે, જ્યારે સરકાર ન્યાયિક કાર્યો હાથ ધરે છે, અને ન્યાયિક સત્તાનો ઉપયોગ કરવા અને વિવાદો નક્કી કરવા આગળ વધે છે ત્યારે સ્થિતિ બદલાય છે. તે સંજોગોમાં, સદરહુ મામલા સાથે કામ કરતા અધિકારી અને સરકારને ટ્રિબ્યુનલ તરીકે ગણવા કાયદેસર છે. નિર્ણય લેનાર અધિકારી અનામી પણ હોઈ શકે છે; પરંતુ નિર્ણય ટ્રિબ્યુનલનો છે, ભલે તે તેના નામે અથવા કેન્દ્ર સરકારના નામે વ્યક્ત કરવામાં આવ્યો હોય. શબ્દ "ટ્રિબ્યુનલ" વ્યાપક મહત્વ ધરાવતો શબ્દ છે, અને શબ્દો "કોર્ટ" અને "ટ્રિબ્યુનલ" તેમનામાં તેના તમામ સ્વરૂપોમાં ન્યાયિક સત્તાના ઉપયોગને સમાવી લે છે. આમ સરકારનો નિર્ણય અનુચ્છેદ ૧૩૬ હેઠળ આ કોર્ટની સત્તાઓમાં આવે છે."

૧૬. તે ઠેરવવામાં આવ્યું હતું કે તમામ ટ્રિબ્યુનલ કોર્ટ નથી હોતી જોકે તમામ કોર્ટ ટ્રિબ્યુનલ હોય છે. આ મત આ કોર્ટ દ્વારા પુનરાવર્તિત કરવામાં આવ્યો છે, ખાસ કરીને, ટ્રિબ્યુનલ અને કોર્ટ વચ્ચેનો તફાવત દર્શાવવાના સંદર્ભમાં. જો ટ્રિબ્યુનલ પાસે કોર્ટના તમામ લક્ષણો હોય અને ઉપર જણાવેલા માપદંડોને

સંતોષતી હોય તો તેને કોર્ટ કહી શકાય. દરેક કોર્ટ ટ્રિબ્યુનલ હોઈ શકે પરંતુ દરેક ટ્રિબ્યુનલ જરૂરી રીતે કોર્ટ ન પણ હોય. 'કોર્ટ' ના આવશ્યક લક્ષણો આપણા દ્વારા ઉપર નોંધવામાં આવ્યા છે અને એકવાર આ આવશ્યક લક્ષણો સંતોષાઈ જાય, તો પછી તેને 'કોર્ટ' કહેવી પડશે. ફેમિલી કોર્ટની વૈધાનિક જોગવાઈઓ આ ઘટકોને સ્પષ્ટપણે સંતોષે છે અને વધુમાં ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર્સ ન્યાયિક અને નિર્ણયાત્મક કાર્યો કરી રહ્યા છે અને તેથી, ન્યાયાધીશ છે.

૧૭. 'જજ' એ એક સામાન્ય શબ્દ છે અને અમ્પાયર, આર્બિટર અને આર્બિટ્રેટર જેવા અન્ય શબ્દો આ શબ્દની જ પ્રજાતિઓ છે. ન્યાયાધીશ, મુખ્યત્વે, વિવાદોની તમામ બાબતો નક્કી કરે છે અને આજે કાયદો શું છે, તેમજ ભવિષ્ય માટે કાયદો શું હશે તે જાહેર કરે છે અને સરકારની નિમણૂક હેઠળ કાર્ય કરે છે. એક્સ પાર્ટ ડેવિસ [(૧૮૫૭) ૫ ડબલ્યુ.આર.૫૨૩] માં પોલોક સી.બી. એ કહ્યું હતું કે, "ન્યાયાધીશો ઉચ્ચ કક્ષાના ભાષાશાસ્ત્રીઓ છે. તેઓ માત્ર સરકારના વહીવટી અધિકારીઓ નથી પરંતુ ન્યાયના વહીવટ માટે રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે." આમ, એવા તારણ પર પહોંચવામાં અમને કોઈ સંકોચ નથી કે એક્ટની કલમ ૩ હેઠળ રચાયેલી ફેમિલી કોર્ટ કોર્ટના તમામ લક્ષણો ધરાવે છે અને તેથી તે કોર્ટ છે અને પ્રિસાઈડિંગ ઓફિસર, એટલે કે ફેમિલી કોર્ટના જજ ભલે મર્યાદિત હકૂમત ધરાવતા હોય છતાં 'જજ' છે.

શું અરજીકર્તાઓને મહારાષ્ટ્ર રાજ્યની 'ન્યાયિક સેવાઓ' ના ભાગ તરીકે ગણી શકાય?

૧૮. ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૩૩, ૨૩૪ અને અનુચ્છેદ ૩૦૯ ની શરત સાથે વંચાણે લેતા અનુચ્છેદ ૨૩૫ દ્વારા પ્રદત્ત સત્તાઓનો ઉપયોગ કરીને, મહારાષ્ટ્રના રાજ્યપાલે, મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન અને બોમ્બે હાઈકોર્ટના પરામર્શ પછી 'ધ બોમ્બે જ્યુડિશિયલ સર્વિસીસ રિક્રુટમેન્ટ રૂલ્સ, ૨૦૦૮' (ટૂંકમાં, '૨૦૦૮ ના નિયમો') તરીકે ઓળખાતા નિયમો ઘડ્યા. આ નિયમોએ બોમ્બે જ્યુડિશિયલ સર્વિસીસ રિક્રુટમેન્ટ રૂલ્સ, ૧૯૫૬ તરીકે ઓળખાતા નિયમોને રદ કર્યા. બોમ્બેમાં અગાઉ બોમ્બે સિવિલ કોર્ટ્સ એક્ટ, ૧૮૬૯ હેઠળ ડિસ્ટ્રિક્ટ જજીસની નિમણૂક કરવામાં આવતી હતી. કેડરના એકીકરણ સમયે, અમે ઉપર નોંધ્યું છે તેમ, ફેમિલી કોર્ટને રાજ્યની ન્યાયિક કેડરનો ભાગ ગણી શકાય કે કેમ તે બાબતે વિચારણા કરવામાં આવી હતી. જોકે, સમિતિએ ભલામણ કરી હતી કે માત્ર પગાર ધોરણના હેતુઓ માટે જ તેમને સમાન રાખી શકાય અને ફેમિલી કોર્ટના ન્યાયાધીશોની કેડરને ન્યાયિક સેવાઓની કેડરમાં સંકલન માટે ધ્યાનમાં લઈ શકાય નહીં અને તેમને સિટી સિવિલ કોર્ટના ન્યાયાધીશો અને/અથવા ડિસ્ટ્રિક્ટ કોર્ટના ન્યાયાધીશો સાથે સમાન ગણી શકાય નહીં. આ નિર્ણય પર કોઈપણ વ્યક્તિ દ્વારા ક્યારેય પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો ન હતો.

૧૯. ૨૦૦૮ ના નિયમો અમલમાં આવ્યા પછી, ઉચ્ચતર ન્યાયિક સેવાઓ સહિત રાજ્ય ન્યાયિક સેવાઓમાં નિમણૂકો આ નિયમો અનુસાર કડક રીતે કરવામાં આવી હતી. નિયમ ૨ 'સેવા' ને મહારાષ્ટ્ર ન્યાયિક સેવા તરીકે વ્યાખ્યાયિત કરે છે. ૨૦૦૮ ના નિયમોનો નિયમ ૩ જણાવે છે કે મહારાષ્ટ્ર રાજ્ય

ન્યાયિક સેવાઓ તરીકે ઓળખાતી રાજ્ય સેવાની રચના કરવામાં આવશે અને આવી સેવાઓ ૧લી જુલાઈ ૧૯૯૬ થી રચવામાં આવી હોવાનું માનવામાં આવશે. નિયમ ૩(૨) જણાવે છે કે સેવાઓમાં ૨૦૦૮ ના નિયમો સાથે જોડાયેલ અનુસૂચિની કોલમ ૨ માં ઉલ્લેખિત કેડરનો સમાવેશ થશે અને તેમાંથી દરેક કેડરમાં પોસ્ટ્સનું સ્વરૂપ અને સંખ્યા તેમાં કોલમ (૩) માં અનુરૂપ નોંધોમાં નિર્દિષ્ટ કર્યા મુજબ રહેશે. નિયમ ૩(૩) તે કોષ્ટક માટે પૂરી પાડે છે. સદરહુ કોષ્ટક 'એ' નીચે મુજબ વંચાય છે:

| ૧ | ૨ |
|---|---|
| (એ) ડિસ્ટ્રિક્ટ જજીસ<br>(૨) એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજીસ<br>(૩) પ્રિન્સિપાલ જજ, એડિશનલ પ્રિન્સિપાલ જજ અને સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, મુંબઈના ન્યાયાધીશો.<br>(૪) ચીફ જજ અને કોર્ટ ઓફ સ્મોલ કોઝીસના એડિશનલ ચીફ જજીસ. | (૧) ડિસ્ટ્રિક્ટ જજીસ; |
| (બી) સિનિયર સિવિલ જજીસ<br>(૨) એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ્સ;(૩) કોર્ટ ઓફ સ્મોલ કોઝીસ અને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ્સના ન્યાયાધીશો;(૪) સિવિલ જજીસ, સિનિયર ડિવિઝન. | (૧) ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ; |
| (સી) સિવિલ જજ, જુનિયર ડિવિઝન | (૧) સિવિલ જજ, જુનિયર ડિવિઝન. |

૨૦. નિયમ ૫ ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ સહિતની વિવિધ પોસ્ટ્સના સંબંધમાં ભરતીની પદ્ધતિ, લાયકાત અને વય મર્યાદા પૂરી પાડે છે. ૫૦% પોસ્ટ્સ ગુણવત્તા–સહ–વરિષ્ઠતાના સિદ્ધાંતના આધારે અને યોગ્યતા કસોટી પાસ કરવાના આધારે સિનિયર સિવિલ જજીસની કેડરમાંથી બઢતી દ્વારા ભરવામાં આવશે. આ ૫૦% માટે પાત્ર બનવા માટે, ઉમેદવાર કાર્યકારી સમયગાળો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી સિનિયર સિવિલ જજની કેડરમાં હોવો જોઈએ. વધુમાં, તેણે ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી સિનિયર સિવિલ જજ તરીકે કાર્ય કર્યું હોવું જોઈએ. ૨૫% પોસ્ટ્સ સિનિયર સિવિલ જજીસમાંથી મર્યાદિત સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ચુસ્તપણે ગુણવત્તાના આધારે બઢતી દ્વારા ભરવામાં આવશે અને બાકીની ૨૫% પોસ્ટ્સ હાઇકોર્ટ દ્વારા લેવાયેલી લેખિત પરીક્ષા અને મૌખિક કસોટીના આધારે એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરતી પાત્ર વ્યક્તિઓમાંથી નોમિનેશન દ્વારા ભરવામાં આવશે. નોમિનેશન માટે પાત્ર બનવા માટે, વ્યક્તિ જાહેરાત પ્રકાશિત થયાની તારીખે સાત વર્ષથી ઓછા સમય માટે એડવોકેટ અથવા સરકારી વકીલ અથવા પબ્લિક પ્રોસિક્યુટર હોવી જોઈએ. લેખિત પરીક્ષા ૨૦૦ ગુણની હોવાની હતી જ્યારે મૌખિક કસોટી ૫૦ ગુણની હતી. ઉમેદવારે મૌખિક કસોટી માટે લાયક બનવા માટે લેખિત પરીક્ષાના દરેક પેપરમાં ૫૦% થી ઓછા ગુણ મેળવવા જોઈએ નહીં અને મૌખિક કસોટીમાં ઓછામાં ઓછા ૪૦% ગુણ મેળવનાર ઉમેદવારો જ પસંદગી માટે હકદાર રહેશે.

૨૧. ઉપરોક્ત જોગવાઈઓનું માત્ર વાંચન સ્પષ્ટપણે દર્શાવે છે કે ડિસ્ટ્રિક્ટ જજ તરીકે બઢતી માટે હકદાર બનવા માટે વ્યક્તિ સિનિયર સિવિલ જજની કેડરની

સભ્ય હોવી જોઈએ. નોમિનેશન કેટેગરી હેઠળ નિમણૂક માટે વિચારણા માટે હકદાર એડવોકેટ્સ અથવા અન્ય પાત્ર વ્યક્તિઓએ નિર્ધારિત લાયકાતો સંતોષવી પડશે અને નિયમો મુજબ લેખિત પરીક્ષા તેમજ મૌખિક કસોટી પાસ કરવી પડશે. બીજા શબ્દોમાં કહીએ તો, રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓમાં નિમણૂક માટે વિચારણા કરવામાં આવે તે પહેલાં વ્યક્તિ ન્યાયિક સેવાની સભ્ય હોવી જોઈએ. તે કેડરમાં નિમણૂક ચુસ્તપણે અર્થઘટન કરવી જોઈએ અને નિયમોમાં જણાવેલ જોગવાઈઓ અનુસાર થવી જોઈએ. એકવાર મહારાષ્ટ્રના રાજ્યપાલે, તેમની બંધારણીય સત્તાઓનો ઉપયોગ કરીને અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા અનુસાર ૨૦૦૮ ના નિયમો ઘડ્યા હોય અને 'ડિસ્ટ્રિક્ટ જજ' કોણ હશે, સેવા અને તેની રચના શું હશે તે સમજાવ્યું હોય અને, તેથી, ફેમિલી કોર્ટના ન્યાયાધીશોને સભાનપણે સેવામાંથી બાકાત રાખ્યા હોય, તો પછી કોર્ટ માટે સૂચિતાર્થ દ્વારા આવા સમાવેશને નિર્દેશિત કરવું કાયદેસર રીતે શક્ય નથી કે માન્ય પણ નથી. હકીકતમાં, અરજીકર્તાઓએ અગાઉ કે વર્તમાન અરજીમાં પણ ૨૦૦૮ ના નિયમોને પડકાર્યા નથી. અરજીકર્તાઓની એ દલીલ સ્વીકારવા માટે કે તેઓ મહારાષ્ટ્ર રાજ્યની ન્યાયિક સેવાઓનો ભાગ છે, કોર્ટે નિયમ ૩ (કોષ્ટક એ) માં 'ફેમિલી કોર્ટના ન્યાયાધીશો' શબ્દપ્રયોગ વાંચવો પડશે. એકવાર વિધાનસભાએ નિયમો ઘડીને પ્રિન્સિપાલ અથવા અન્ય ફેમિલી કોર્ટના ન્યાયાધીશોને મહારાષ્ટ્ર રાજ્યની 'ન્યાયિક સેવાઓ' ની કેડરમાંથી બહાર રાખ્યા હોય, તો પછી તેમને અનુમાન દ્વારા અથવા સમાનતાના સિદ્ધાંત પર કેડરના

ભાગ તરીકે ગણી શકાય નહીં, જેની સાથે આપણે ટૂંક સમયમાં થોડી વિગતવાર ચર્ચા કરીશું.

૨૨. હવે, આપણે સંવિધાનના સંબંધિત અનુચ્છેદોનો સંદર્ભ લઈ શકીએ છીએ. મુખ્યત્વે, અનુચ્છેદ ૨૩૩(૧) હેઠળ, ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ પર નિમણૂક હાઈકોર્ટના પરામર્શથી આવા રાજ્યના સંબંધમાં હકૂમતનો ઉપયોગ કરતા રાજ્યપાલ દ્વારા કરવાની છે. અનુચ્છેદ ૨૩૩(૨) તે પ્રકારના વ્યક્તિઓ દર્શાવે છે, જેઓ વિચારણા માટે પાત્ર છે. તે નીચે મુજબ વંચાય છે:

> "પહેલેથી જ યુનિયન અથવા રાજ્યની સેવામાં ન હોય તેવી વ્યક્તિ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિમણૂક માટે માત્ર ત્યારે જ પાત્ર રહેશે જો તે સાત વર્ષથી ઓછા સમય માટે એડવોકેટ અથવા પ્લીડર ન રહી હોય અને નિમણૂક માટે હાઇકોર્ટ દ્વારા તેની ભલામણ કરવામાં આવે."

૨૩. ઉપરોક્ત માપદંડો પૂર્ણ કરવા પર જ, ઉમેદવારને જણાવેલ પ્રક્રિયા અનુસાર 'ન્યાયિક હોદ્દા' પર નિયુક્ત કરી શકાય છે. અનુચ્છેદ ૨૩૬ પ્રકરણ ૬ ના હેતુઓ માટે 'ડિસ્ટ્રિક્ટ જજ' તેમજ 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગને સમજાવે છે જે નીચે મુજબ વંચાય છે:

> "૨૩૬. અર્થઘટન– આ પ્રકરણમાં : (એ) "ડિસ્ટ્રિક્ટ જજ" શબ્દપ્રયોગમાં સિટી સિવિલ કોર્ટના જજ, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ, જોઈન્ટ ડિસ્ટ્રિક્ટ જજ, આસિસ્ટન્ટ ડિસ્ટ્રિક્ટ જજ, સ્મોલ કોઝ કોર્ટના ચીફ જજ, ચીફ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ, એડિશનલ ચીફ પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ, સેશન્સ જજ, એડિશનલ સેશન્સ જજ અને આસિસ્ટન્ટ સેશન્સ જજનો સમાવેશ થાય છે; (બી) "ન્યાયિક સેવા" શબ્દપ્રયોગનો અર્થ ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ અને ડિસ્ટ્રિક્ટ જજની

> પોસ્ટથી ઉતરતી કક્ષાની અન્ય સિવિલ ન્યાયિક પોસ્ટ્સ ભરવા માટે નિયત કરાયેલ વ્યક્તિઓનો જ સમાવેશ કરતી સેવા થાય છે."

૨૪. ઉપરોક્ત અનુચ્છેદનું માત્ર વાંચન સ્પષ્ટપણે દર્શાવે છે કે 'ડિસ્ટ્રિક્ટ જજ' શબ્દપ્રયોગમાં વિવિધ પ્રકારના ન્યાયાધીશોનો સમાવેશ થાય છે પરંતુ ફેમિલી કોર્ટના ન્યાયાધીશોનો નહીં. તેવી જ રીતે, 'ન્યાયિક સેવાઓ' નો અર્થ ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ અને ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટથી ઉતરતી કક્ષાની અન્ય સિવિલ ન્યાયિક પોસ્ટ્સ ભરવા માટે નિયત કરાયેલ વ્યક્તિઓનો જ સમાવેશ કરતી સેવા. તેથી, 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગમાં ફેમિલી કોર્ટના જજનો સમાવેશ થશે નહીં કારણ કે તેઓ ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ ભરવા માટે પાત્ર વ્યક્તિઓ નથી કે તેઓ ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટથી ઉતરતી કક્ષાની સિવિલ ન્યાયિક પોસ્ટ્સ ધરાવતા નથી.

૨૫. અરજીકર્તાઓ વતી હાજર રહેલા વિદ્વાન વકીલે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. લેબર લો પ્રેક્ટિશનર્સ એસોસિએશન [(૧૯૯૮) ૨ એસ.સી.સી. ૬૮૮] ના કેસમાં આ કોર્ટના ચુકાદા પર ભારે આધાર રાખીને એવી રજૂઆત કરી હતી કે 'ન્યાયિક સેવાઓ' શબ્દપ્રયોગને વ્યાપક અર્થ આપવો જોઈએ અને અરજીકર્તાઓ ફેમિલી કોર્ટમાં ન્યાયાધીશો તરીકે બેસીને ન્યાયિક કાર્યો કરતા હોવાથી, તેઓને મહારાષ્ટ્ર રાજ્યની ન્યાયિક સેવાઓના ભાગ તરીકે ગણવા જોઈએ. તેમણે ચુકાદાના નીચેના ફકરાઓ પર આધાર રાખ્યો હતો :

> "૧૧. અનુચ્છેદ ૨૩૬(બી) હેઠળ, "ન્યાયિક સેવા" શબ્દપ્રયોગને "ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ અને ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટથી ઉતરતી

કક્ષાની અન્ય સિવિલ ન્યાયિક પોસ્ટ્સ ભરવા માટે નિયત કરાયેલ વ્યક્તિઓનો જ સમાવેશ કરતી સેવા" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. આમ ન્યાયિક સેવા કોર્ટના વંશવેલાની અપેક્ષા રાખે છે જેમાં ડિસ્ટ્રિક્ટ જજ વડા તરીકે હોય અને તેમના હેઠળ અન્ય ન્યાયિક અધિકારીઓ માત્ર ન્યાયિક કાર્યો કરતા હોય. ૧૨. ચંદ્ર મોહન વિ. સ્ટેટ ઓફ યુ.પી. ના કેસમાં આ કોર્ટને સંવિધાનના અનુચ્છેદ ૨૩૩ હેઠળ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિમણૂક માટે "ન્યાયિક અધિકારીઓ" ની પાત્રતાના પ્રશ્ન પર વિચાર કરવાની જરૂર પડી હતી. યુ.પી. હાયર જ્યુડિશિયલ સર્વિસ રૂલ્સ હેઠળ "ન્યાયિક અધિકારીઓ" ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિમણૂક માટે પાત્ર હતા અને આ શબ્દપ્રયોગનો અર્થ વહીવટી વિભાગના એવા સભ્યોને આવરી લેવાનો હતો જેઓ કેટલીક મહેસૂલી અને મેજિસ્ટ્રિયલ ફરજો પણ બજાવતા હતા. જ્યારે આવી વ્યક્તિઓની પસંદગીને પડકારવામાં આવી, ત્યારે આ કોર્ટને સંવિધાનના અનુચ્છેદ ૨૩૩ થી ૨૩૬ ની જોગવાઈઓને ધ્યાનમાં લેવાની અને તેનું અર્થઘટન કરવાની જરૂર પડી હતી. સદરહુ નિયમો હેઠળ પસંદગીની પ્રક્રિયાને પણ અનુચ્છેદ ૨૩૩ ના ઉલ્લંઘન તરીકે પડકારવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે રાજ્યપાલ ન્યાયિક સેવા સિવાયની અન્ય સેવાઓમાંથી વ્યક્તિઓને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરી શકે નહીં. પોલીસ, આબકારી, મહેસૂલ અથવા આવી અન્ય સેવામાં રહેલી વ્યક્તિને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરી શકાય નહીં. અનુચ્છેદ ૨૩૬ માં "ન્યાયિક સેવા" ની વ્યાખ્યા સાથે કામ કરતા, આ કોર્ટે કહ્યું કે ન્યાયિક સેવામાં માત્ર ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ્સ અને અન્ય સિવિલ ન્યાયિક પોસ્ટ્સ ભરવા માટે નિયત કરાયેલ વ્યક્તિઓનો જ સમાવેશ થાય છે અને તે માત્ર ન્યાયિક અધિકારીઓની જ એકમાત્ર સેવા છે. વહીવટી સેવાના વિરોધાભાસમાં ન્યાયિક સેવાનું અર્થઘટન કરતા, જ્યાં કેટલાક વહીવટી અધિકારીઓ ન્યાયિક અથવા અર્ધ-ન્યાયિક કાર્યો પણ કરતા હોય, આ કોર્ટે

ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે બંધારણીય યોજના પર ભાર મૂકવાની તસ્દી લીધી. તેણે કહ્યું કે આ (એટલે કે સરકારની) સ્થિતિની સ્વીકૃતિ આપણને સ્વતંત્રતા પૂર્વેના દિવસોમાં પાછા લઈ જશે અને ન્યાયતંત્રની સ્વતંત્રતા પ્રદાન કરતી સંવિધાનની સુવ્યવસ્થિત યોજનાને પણ કાપી નાખશે. તેથી આ કોર્ટે ન્યાયિક સેવાને વિશિષ્ટ શબ્દોમાં વ્યાખ્યાયિત કરી છે જેમાં સંપૂર્ણપણે ન્યાયિક ફરજો બજાવતા ન્યાયિક અધિકારીઓનો જ સમાવેશ થાય છે. તેણે કહ્યું કે સદરહુ સેવામાં નિમણૂંકો માટે જોગવાઈ કર્યા પછી અને સદરહુ સેવાનું નિયંત્રણ હાઈકોર્ટની સંભાળમાં સોંપ્યા પછી, સંવિધાનના નિર્માતાઓએ રાજ્યપાલને કોઈપણ સેવામાંથી કોઈપણ વ્યક્તિને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરવાની બ્લેન્કેટ સત્તા આપી ન હોત.

૧૩. આ ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે જે દર્શાવે છે કે ન્યાયિક સેવાનું અર્થઘટન માત્ર ડિસ્ટ્રિક્ટ જજની આગેવાની હેઠળની સિવિલ કોર્ટના વંશવેલાને આવરી લેવા માટે સંકુચિત રીતે કરવામાં આવે છે. જોકે આ કોર્ટ "ડિસ્ટ્રિક્ટ જજ" શબ્દને આપવામાં આવેલી વ્યાપક વ્યાખ્યાના સંદર્ભમાં અન્ય સિવિલ કોર્ટની સ્થિતિ પર વિચાર કરી રહી ન હતી. આ કોર્ટ કારોબારીથી ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવા અને પોલીસ, આબકારી અથવા મહેસૂલ જેવી બિન–ન્યાયિક સેવાઓમાંથી વ્યક્તિઓને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિમણૂક માટે પાત્ર તરીકે ગણવામાં ન આવે તેની ખાતરી કરવા સાથે સંબંધિત હતી. એટલા માટે એ હકીકત પર ભાર મૂકવામાં આવ્યો છે કે ન્યાયિક સેવામાં માત્ર ન્યાયિક અધિકારીઓનો જ સમાવેશ થવો જોઈએ. આ ચુકાદાનું અર્થઘટન એ રીતે સંકુચિત રીતે ન કરવું જોઈએ કે અનુચ્છેદ ૨૩૬ માં તે શબ્દની વ્યાપક વ્યાખ્યાને ધ્યાનમાં રાખીને, ડિસ્ટ્રિક્ટ જજ ગણી શકાય તેવા ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ સ્થપાઈ રહેલી સિવિલ કોર્ટના નવા વંશવેલાને ન્યાયિક સેવામાંથી બાકાત રાખવામાં આવે.

XXX XXX XXX

> સંવિધાનના અનુચ્છેદ ૨૩૬ હેઠળ ન્યાયિક સેવાની રચના શું કરે છે તે અંગે દર્શાવેલ આ કસોટીઓ પર જતાં, લેબર કોર્ટના ન્યાયાધીશો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટના ન્યાયાધીશો ન્યાયિક સેવાના હોવાનું ઠેરવી શકાય છે. લેબર કોર્ટના ન્યાયાધીશોના કિસ્સામાં વિચારાયેલ વંશવેલો એ લેબર કોર્ટના ન્યાયાધીશો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટના ન્યાયાધીશોનો વંશવેલો છે જેમાં ઈન્ડસ્ટ્રિયલ કોર્ટના ન્યાયાધીશો ડિસ્ટ્રિક્ટ જજીસનું ઉચ્ચ સ્થાન ધરાવે છે. લેબર કોર્ટને અનુચ્છેદ ૨૨૭ હેઠળ હાઈકોર્ટની સુપરિન્ટેન્ડન્સની સત્તાને આધીન પણ ઠેરવવામાં આવી છે."

૨૬. ઉપર જણાવેલા કાયદાના સિદ્ધાંતને વધુ સારી રીતે સમજવા માટે, કેસની હકીકતોનો સંદર્ભ લેવો જરૂરી રહેશે. લેબર લો પ્રેક્ટિશનર્સ એસોસિએશને રીટ પીટીશનમાં લેબર કોર્ટના ન્યાયાધીશો તરીકે ખાનગી સામાવાળાઓની નિમણૂકને પડકારતી હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરી હતી. આ ખાનગી સામાવાળાઓ અગાઉ મહારાષ્ટ્ર રાજ્યના લેબર વિભાગમાં લેબરના આસિસ્ટન્ટ કમિશનર તરીકે કામ કરતા હતા. એવી અરજ કરવામાં આવી હતી કે બોમ્બે ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ એક્ટની સુધારેલી કલમ ૯ અને ઈન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ એક્ટની સુધારેલી કલમ ૭ જ્યાં સુધી તેઓ લેબર કોર્ટના ન્યાયાધીશો તરીકે લેબરના આસિસ્ટન્ટ કમિશનરની નિમણૂકને અધિકૃત કરે છે ત્યાં સુધી તે રદબાતલ, ગેરકાયદેસર અને સંવિધાનના અનુચ્છેદ ૨૩૪ ની વિરુદ્ધ છે. બોમ્બે હાઈકોર્ટના વિદ્વાન સિંગલ જજે ૮મી માર્ચ, ૧૯૭૯ ના જાહેરનામાને બાજુ પર રાખ્યું અને લેબર કોર્ટના ન્યાયાધીશોની નિમણૂક કરતી વખતે મહારાષ્ટ્ર રાજ્યને

સંવિધાનના અનુચ્છેદ ૨૩૪ ની જોગવાઈઓનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો. વિદ્વાન સિંગલ જજના આ નિર્ણયને લેટર્સ પેટન્ટ અપીલમાં પડકારવામાં આવ્યો હતો જે પણ નામંજૂર કરવામાં આવી હતી અને તેથી, સુપ્રિમ કોર્ટ સમક્ષ સ્પેશિયલ લીવ પીટીશન દાખલ કરવામાં આવી હતી.

૨૭. આ અપીલ નામંજૂર કરતી વખતે આ કોર્ટે 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગ પર ટિપ્પણી કરી હતી અને ઠેરવ્યું હતું કે 'ન્યાયિક સેવા' નો અર્થ સંવિધાનના અનુચ્છેદ ૨૩૬ ની શરતો મુજબ ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ અને ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટથી ઉતરતી કક્ષાના અન્ય સિવિલ જજીસની પોસ્ટ ભરવા માટે નિયત કરાયેલ વ્યક્તિઓનો જ સમાવેશ કરતી સેવા. સત્તાના વિભાજન અને ન્યાયતંત્રની સ્વતંત્રતાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને, ન્યાયિક સેવાઓ માત્ર ન્યાયિક પોસ્ટ્સની સેવાની અપેક્ષા રાખે છે જેમાં ડિસ્ટ્રિક્ટ જજના નેતૃત્વ હેઠળનો વંશવેલો હશે. હાઇકોર્ટ દ્વારા લેવાયેલા મતને સમર્થન આપતા કે ઈન્ડસ્ટ્રિયલ અને લેબર કોર્ટની અધ્યક્ષતા કરતા વ્યક્તિઓ વ્યાખ્યાયિત મુજબની 'ન્યાયિક સેવા' ની રચના કરશે અને તેથી, સંવિધાનના અનુચ્છેદ ૨૩૪ નું પાલન ફરજિયાત હતું.

૨૮. વર્તમાન અરજીકર્તાઓ આ ચુકાદામાંથી શું લાભ મેળવી શકે છે તે અમે સમજી શકતા નથી. મુખ્યત્વે, કોર્ટે ન્યાયના વહીવટ માટે જરૂરી વિવિધ ક્ષેત્રોમાં વિશેષજ્ઞતાને ધ્યાનમાં રાખીને 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગને વ્યાપક અર્થ આપ્યો. તે કેસમાં, સરકારે સંવિધાનના અનુચ્છેદ ૨૩૪ હેઠળ પ્રદાન કરવામાં આવેલી પ્રક્રિયાને અનુસર્યા વિના જ નિમણૂક કરવાનો ઈરાદો રાખ્યો હતો, જે કહે

છે કે રાજ્યની ન્યાયિક સેવામાં ડિસ્ટ્રિક્ટ જજીસ સિવાયની પોસ્ટ્સ પર નિમણૂક કરવાના કિસ્સામાં, આવા રાજ્યના સંબંધમાં હકૂમતનો ઉપયોગ કરતી હાઇકોર્ટ અને પબ્લિક સર્વિસ કમિશન સાથે પરામર્શ કર્યા પછી રાજ્યપાલ દ્વારા તે વતી બનાવેલા નિયમો અનુસાર નિમણૂંકો કરવાની હતી. આનો, સાદા વાંચન અને સમજણ પર, એવો અર્થ થાય છે કે લેબર કોર્ટના જજ ડિસ્ટ્રિક્ટ જજની અથવા તેની સમકક્ષ પોસ્ટ ન હતી. તેનાથી વિપરિત, અનુચ્છેદ ૨૩૪ ની શરતો મુજબ, આ નિમણૂંકો કરતા પહેલા સરકારને નિર્ધારિત પ્રક્રિયા અનુસરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આમ, સીધી નિમણૂંકો કરવા માટે સરકાર દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિ સંવિધાનના પ્રકરણ ૬ માં આવતી બંધારણીય જોગવાઈઓની યોજના હેઠળ ખામીયુક્ત હોવાનું જણાયું હતું.

૨૯. ચંદ્ર મોહન વિ. સ્ટેટ ઓફ યુ.પી. [એ.આઈ.આર. ૧૯૬૬ એસ.સી. ૧૯૮૭] ના કેસમાં આ કોર્ટની કન્સ્ટિટ્યુશન બેન્ચ ડિસ્ટ્રિક્ટ જજીસની પોસ્ટ પર નિમણૂંકો સાથે સંબંધિત હતી, જેને ન્યાયિક સેવાઓના વર્તમાન સભ્યો દ્વારા એવા કારણોસર પડકારવામાં આવી હતી કે કેટલીક મહેસૂલી અને મેજિસ્ટ્રિયલ ફરજો બજાવતા વહીવટી વિભાગોના ન્યાયિક અધિકારીઓ ન્યાયિક સેવાઓના સભ્યો નથી અને આમ તેઓ આવી પોસ્ટ્સ પર નિમણૂક મેળવી શકે નહીં. કોર્ટે, ન્યાયતંત્રની સ્વતંત્રતાનો સંદર્ભ આપતા, કહ્યું કે ભારતમાં તાબાનું ન્યાયતંત્ર લોકો સાથે સૌથી નજીકના સંપર્કમાં છે અને તેથી તેમની સ્વતંત્રતા પ્રશ્નની બહાર હોવી જોઈએ. 'ન્યાયિક સેવાઓ' શબ્દો સમજાવતા કોર્ટે આ

શબ્દપ્રયોગને સંકુચિત અર્થ આપ્યો અને, રાજ્યની ન્યાયિક સેવાઓ સિવાયની વ્યક્તિઓની આવી નિમણૂંકોને બાજુ પર રાખતા, નીચે મુજબ ઠેરવ્યું:

"૧૬. અત્યાર સુધી કોઈ વિવાદ નથી. પરંતુ વાસ્તવિક સંઘર્ષ એ પ્રશ્ન પર છે કે શું રાજ્યપાલ ન્યાયિક સેવા સિવાયની સેવાઓમાંથી વ્યક્તિઓને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરી શકે છે; કહેવાનો અર્થ એ છે કે, શું તે પોલીસ, આબકારી, મહેસૂલ અથવા આવી અન્ય સેવામાં રહેલી વ્યક્તિને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરી શકે છે? આ સ્થિતિની સ્વીકૃતિ આપણને સ્વતંત્રતા પૂર્વેના દિવસોમાં અને તે પણ રજવાડાં રાજ્યોમાં પ્રવર્તતી પરિસ્થિતિઓમાં પાછા લઈ જશે. રજવાડાં રાજ્યોમાં પોલીસ અને અન્ય વિભાગોમાંથી ન્યાયિક સેવામાં નિમણૂંકો થતી જોવા મળતી હતી. આનાથી સંવિધાનની સુવ્યવસ્થિત યોજના અને તેના અંતર્ગત સિદ્ધાંતને પણ અસર પહોંચશે, એટલે કે ન્યાયતંત્ર એક સ્વતંત્ર સેવા રહેશે. નિઃશંકપણે જો અનુચ્છેદ ૨૩૩(૧) એકલો હોત, તો એવી દલીલ થઈ શકી હોત કે રાજ્યપાલ કોઈપણ વ્યક્તિને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરી શકે છે, ભલે તે કાયદેસર રીતે લાયક હોય કે ન હોય, જો તે રાજ્ય હેઠળની કોઈપણ સેવાનો હોય. પરંતુ અનુચ્છેદ ૨૩૩(૧) ડિસ્ટ્રિક્ટ જજીસની નિમણૂકની બાબતમાં રાજ્યપાલની સામાન્ય સત્તાની ઘોષણા સિવાય બીજું કંઈ નથી. તે નિમણૂક કરવાના ઉમેદવારોની લાયકાતો નક્કી કરતું નથી અથવા તે સ્ત્રોતો દર્શાવતું નથી કે જ્યાંથી ભરતી કરવાની છે. પરંતુ ભરતીના સ્ત્રોતો તેના ખંડ (૨) માં દર્શાવેલ છે. અનુચ્છેદ ૨૩૩ ના ખંડ (૨) હેઠળ બે સ્ત્રોત આપવામાં આવ્યા છે, એટલે કે, (૧) યુનિયન અથવા રાજ્યની સેવામાં રહેલા વ્યક્તિઓ, અને (૨) એડવોકેટ અથવા પ્લીડર. શું એમ કહી શકાય કે સંવિધાનના ભાગ ૬ ના પ્રકરણ ૬ ના સંદર્ભમાં "યુનિયન અથવા રાજ્યની સેવા" નો અર્થ યુનિયન અથવા રાજ્યની કોઈ સેવા થાય છે અથવા તેનો અર્થ

યુનિયન અથવા રાજ્યની ન્યાયિક સેવા થાય છે? આ ગોઠવણી એટલે કે તાબાની કોર્ટો સાથે સંબંધિત પ્રકરણ, જેમાં "સેવા" શબ્દપ્રયોગ દેખાય છે તે દર્શાવે છે કે તેમાં ઉલ્લેખિત સેવા કોર્ટોને લગતી સેવા છે. તે સિવાય, અનુચ્છેદ ૨૩૬(૨) "ન્યાયિક સેવા" શબ્દપ્રયોગને ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ અને ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટથી ઉતરતી કક્ષાની અન્ય સિવિલ ન્યાયિક પોસ્ટ્સ ભરવા માટે નિયત કરાયેલ વ્યક્તિઓનો જ સમાવેશ કરતી સેવા તરીકે વ્યાખ્યાયિત કરે છે. જો આ વ્યાખ્યા અનુચ્છેદ ૨૩૬ માં દેખાવાને બદલે, અનુચ્છેદ ૨૩૩(૨) પહેલાં એક ખંડ તરીકે મૂકવામાં આવે, તો એવો કોઈ વિવાદ ન હોઈ શકે કે અનુચ્છેદ ૨૩૩(૨) માં "સેવા" નો અર્થ માત્ર ન્યાયિક સેવા થઈ શકે. 'ન્યાયિક સેવા' ની વ્યાખ્યા પછીના અનુચ્છેદમાં સ્થાન મેળવે છે તે સંજોગો જરૂરી રીતે વિપરીત તારણ તરફ દોરી જતા નથી. હકીકત એ છે કે અનુચ્છેદ ૨૩૩(૨) માં "સેવા" શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો છે જ્યારે અનુચ્છેદ ૨૩૪ અને ૨૩૫ માં "ન્યાયિક સેવા" શબ્દપ્રયોગ જોવા મળે છે તે એ પ્રશ્ન માટે નિર્ણાયક નથી કે અનુચ્છેદ ૨૩૩(૨) માં "સેવા" શબ્દપ્રયોગ ન્યાયિક સેવા સિવાય બીજું કંઈક હોવું જોઈએ, કારણ કે, આખું પ્રકરણ ન્યાયિક સેવા સાથે સંબંધિત છે. વ્યાખ્યા સેવાની સંપૂર્ણ છે. વ્યાખ્યામાં બે શબ્દપ્રયોગો એ વિચાર લાવે છે કે ન્યાયિક સેવામાં ન્યાયિક અધિકારીઓના વંશવેલાનો સમાવેશ થાય છે જે સૌથી નીચલા સ્તરથી શરૂ થાય છે અને ડિસ્ટ્રિક્ટ જજીસ સાથે સમાપ્ત થાય છે. "માત્ર" અને "નિયત કરાયેલ" શબ્દપ્રયોગો એ હકીકત પર ભાર મૂકે છે કે ન્યાયિક સેવામાં માત્ર ડિસ્ટ્રિક્ટ જજીસની પોસ્ટ્સ અને અન્ય સિવિલ ન્યાયિક પોસ્ટ્સ ભરવા માટે નિયત કરાયેલ વ્યક્તિઓનો સમાવેશ થાય છે અને તે ન્યાયિક અધિકારીઓની જ એકમાત્ર સેવા છે. વિશિષ્ટ શબ્દોમાં "ન્યાયિક સેવા" ની વ્યાખ્યા કર્યા પછી, તે સેવા માટે નિમણૂંકોની જોગવાઈ કર્યા પછી અને સદરહુ

સેવાનું નિયંત્રણ હાઈકોર્ટની સંભાળમાં સોંપ્યા પછી, સંવિધાનના નિર્માતાઓએ રાજ્યપાલને કોઈપણ સેવામાંથી કોઈપણ વ્યક્તિને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરવાની બ્લેન્કેટ સત્તા આપી ન હોત."

૩૦. સ્ટેટ્સમેન (પ્રાઈવેટ) લિમિટેડ વિ. એચ.આર. દેબ અને અન્ય [એ.આઈ.આર. ૧૯૬૮ એસ.સી. ૧૪૯૫] ના કેસમાં આ કોર્ટની અન્ય કન્સ્ટિટ્યુશન બેન્ચે ન્યાયિક હોદ્દા અને ન્યાયિક કાર્ય વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો. સેકન્ડ લેબર કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસરની નિમણૂકને એવા કારણોસર પડકારવામાં આવી હતી કે તેઓ ઈન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ એક્ટ, ૧૯૪૭ ની કલમ ૭(૩) માં નિર્ધારિત આવશ્યક લાયકાતો ધરાવતા ન હતા, કારણ કે તેઓ ન્યાયિક કાર્યો પણ બજાવતા હોવા છતાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટનો હોદ્દો ધરાવતા હતા. કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું:

"૧૧. કલમ ૯ હેઠળ બચાવ પૂરો પાડતા કેસોમાં સરકાર દ્વારા અમારા અર્થને લંબાવવામાં ન આવે તે માટે, અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે વિધાનસભાનો વાસ્તવિક ઈરાદો એ છે કે સ્વતંત્ર અને પૂરતો ન્યાયિક અનુભવ ધરાવતા હોય તેવા પુરુષોને પસંદ કરવા જોઈએ. સમાન કલમમાં અગાઉ હાઈકોર્ટના ન્યાયાધીશો અને ડિસ્ટ્રિક્ટ જજીસનો ઉલ્લેખ દર્શાવે છે કે સામાન્ય રીતે જાહેર સેવાઓમાં કારોબારીથી ન્યાયતંત્રનું વિભાજન અંતિમ રીતે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઓછામાં ઓછા સિવિલ ન્યાયતંત્રમાંથી ન્યાયિક અધિકારીઓની પસંદગી થવી જોઈએ. સિવિલ ન્યાયતંત્રની હરોળમાંથી કોઈ વ્યક્તિની નિમણૂક એક ખાતરી સાથે આવે છે જે અનોખી હોય છે. લેબર કોર્ટના કાર્યો ખૂબ જ જાહેર મહત્વના અને અર્ધ સિવિલ પ્રકૃતિના હોય છે. કાયદાની સિવિલ બાજુનો અનુભવ

ધરાવતા માણસો મેજિસ્ટ્રેટ કરતાં વધુ યોગ્ય હોય છે. બહુવિધ ફરજો પર કાર્યરત અને તે ઉપરાંત કેટલાક ન્યાયિક કાર્યો કરતા વ્યક્તિઓ ખરેખર કલમ ૭ ની આવશ્યકતાનો જવાબ ન પણ આપી શકે અને ક્વો વોરંટો કાર્યવાહીમાં એવા કારણોસર તેમની નિમણૂક પર પ્રશ્ન ઉઠાવવા માટે ખુલ્લું હોઈ શકે કે તેઓ અન્ય કાર્યો કરતા હોવાને કારણે મુખ્યત્વે ન્યાયિક હોદ્દો ધરાવતા નથી. કારણ કે તેનો ઇનકાર કરી શકાતો નથી કે "ન્યાયિક હોદ્દો ધરાવવો" શબ્દપ્રયોગ અન્ય કોઈ હોદ્દો ધરાવતી વખતે ન્યાયિક કાર્યોના નિર્વહન કરતાં વધુ દર્શાવે છે. આ શબ્દપ્રયોગ માને છે કે ત્યાં એક હોદ્દો છે અને તે હોદ્દો મુખ્યત્વે ન્યાયિક છે. હોદ્દો એટલે ફરજોના પ્રદર્શન માટે નિશ્ચિત પદ. આ કેસમાં તફાવત નોંધપાત્ર ન હતો કારણ કે મેજિસ્ટ્રેટ ઓગણીસ વર્ષથી નિશ્ચિત પદ ધરાવતા હતા અને મુખ્યત્વે ન્યાયિક પ્રકૃતિના કાર્યો કરતા હતા. એક્ટની કલમ ૯ ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને રીટ દ્વારા દખલગીરી કરવા માટે આ કેસ યોગ્ય ન હતો."

૩૧. બેન્ચને, લેબર લો પ્રેક્ટિશનર્સ એસોસિએશન (ઉપર મુજબ) ના કેસમાં કામ કરતી વખતે, જણાયું કે અનુચ્છેદ ૨૩૬ માં તે શબ્દની વ્યાપક વ્યાખ્યાને ધ્યાનમાં રાખીને, ડિસ્ટ્રિક્ટ જજ ગણી શકાય તેવા ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ સ્થપાઈ રહેલા સિવિલ કોર્ટના નવા વંશવેલાને ન્યાયિક સેવાઓમાંથી બાકાત રાખવા માટે આ ચુકાદાનું સંકુચિત રીતે અર્થઘટન થવું જોઈએ નહીં. એ નોંધવામાં અમને કોઈ સંકોચ નથી કે ચંદ્ર મોહન અને એચ.આર. દેબ (ઉપર મુજબ) ના કેસોમાં આ કોર્ટની કન્સ્ટિટ્યુશન બેન્ચના ચુકાદાઓ બંધનકર્તા છે અને તેઓએ એવો મત લીધો છે કે 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગ સંબંધિત નિયમો અને સંવિધાનના અનુચ્છેદ ૨૩૩ અને ૨૩૪ માં સમાવિષ્ટ જોગવાઈઓ હેઠળ

ન્યાયાધીશો તરીકે નિયુક્ત વ્યક્તિઓ પૂરતો સીમિત હોવો જોઈએ. અમે અગાઉ નોંધ્યું છે કે લેબર લો પ્રેક્ટિશનર્સ એસોસિએશન (ઉપર મુજબ) ના કેસમાં, કોર્ટ મુખ્યત્વે એ સુનિશ્ચિત કરવા સાથે સંબંધિત હતી કે લેબર કોર્ટના ન્યાયાધીશો જે ન્યાયિક કાર્યો કરી રહ્યા હતા તેઓ ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખે અને તેમને હાઈકોર્ટના નિયંત્રણ હેઠળ મૂકવા જોઈએ અને તે હોદ્દાઓ પર નિમણૂંકો સંવિધાનના અનુચ્છેદ ૨૩૪ ની સુસંગતતામાં થવી જોઈએ. આમ, અરજીકર્તાઓ દ્વારા આગળ વધારવામાં આવેલી દરખાસ્તને સમર્થન આપવા માટે આ ચુકાદાને ભાગ્યે જ ટાંકી શકાય છે. તેના 'સામાન્ય અર્થમાં' સમજ્યા મુજબની 'ન્યાયિક સેવા', મર્યાદિત હેતુઓ માટે અન્ય કેટલીક સેવાઓનો સમાવેશ સૂચિત કરી શકે છે પરંતુ આવી અન્ય સેવાઓ સંવિધાનના અનુચ્છેદ ૨૩૩ અને ૨૩૪ હેઠળ વિચાર્યા મુજબ કડક અર્થમાં ન્યાયિક સેવા હોઈ શકે નહીં.

૩૨. આ બાબતને જોતા, કોર્ટ માટે એવું ઠેરવવું મુશ્કેલ છે કે ફેમિલી કોર્ટના ન્યાયાધીશો ૨૦૦૮ ના નિયમોના નિયમ ૩ હેઠળ વિચાર્યા મુજબ મહારાષ્ટ્ર રાજ્ય હેઠળની ન્યાયિક સેવાઓની કેડરનો ભાગ બનશે.

શું અરજીકર્તાઓ દ્વારા આગળ મૂકવામાં આવેલો સમાનતાનો દાવો કાયદામાં ટકી શકે તેમ છે?

૩૩. આ તબક્કે આપણે એક્ટની પ્રસ્તાવના અને ઉદ્દેશો અને કારણોના નિવેદનની તપાસ કરી શકીએ છીએ.

૩૪. ફેમિલી કોર્ટની સ્થાપનામાં વિધાનસભાના ઉદ્દેશ્યને સ્પષ્ટપણે સમજવા માટે, લો કમિશનની ભલામણોનો સંદર્ભ લેવો ઉપયોગી રહેશે. લો કમિશને તેના ૫૯માં રિપોર્ટમાં ભારપૂર્વક ભલામણ કરી હતી કે, કુટુંબ સંબંધિત વિવાદોનો સામનો કરતી વખતે કોર્ટે સામાન્ય સિવિલ કાર્યવાહીમાં અપનાવવામાં આવતા અભિગમ કરતાં ધરમૂળથી અલગ અભિગમ અપનાવવો જોઈએ અને તેણે સુનાવણી શરૂ થાય તે પહેલાં સૌહાર્દપૂર્ણ સમાધાન માટે વાજબી પ્રયાસો કરવા જોઈએ. લો કમિશનના ૨૩૦માં રિપોર્ટમાં સમાન મતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. સિવિલ પ્રોસિજર કોડમાં સુધારો કરવા છતાં, એવું અનુભવાયું કે પારિવારિક વિવાદોને લગતી બાબતોને સમાધાનકારી અભિગમ સાથે હાથ ધરવામાં આવતી નથી. આમ, બિલમાં અન્ય બાબતોની સાથે સાથે રાજ્ય સરકારો દ્વારા ફેમિલી કોર્ટની સ્થાપના માટેની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારોએ આ કોર્ટોની સ્થાપના કરવાની અપેક્ષા રાખવામાં આવતી હતી અને પારિવારિક વિવાદો ખાસ રચાયેલી આ કોર્ટો દ્વારા હાથ ધરવામાં આવતા હતા. એક્ટની પ્રસ્તાવનાની સૌથી મહત્વની વિશેષતા "લગ્ન અને કૌટુંબિક બાબતો અને તેની સાથે જોડાયેલી બાબતોને લગતા વિવાદોના સમાધાનને પ્રોત્સાહન આપવા અને ઝડપી પતાવટ સુરક્ષિત કરવાના હેતુથી ફેમિલી કોર્ટની સ્થાપના" હતી. આ એક્ટની જોગવાઈઓ હેઠળ ફેમિલી કોર્ટમાં નિહિત મર્યાદિત હકૂમતને પૂરતા પ્રમાણમાં સૂચવે છે. કોર્ટનો પ્રાથમિક હેતુ સમાધાનને પ્રોત્સાહન આપવાનો અને વૈવાહિક અને પારિવારિક વિવાદોને લગતી બાબતો પર ચુકાદો આપવાને બદલે સૌહાર્દપૂર્ણ રીતે સમાધાન કરવાનો હતો.

૩૫. આ વિશ્લેષણ આપણને ફેમિલી કોર્ટની રચના અને કામગીરી અંગેનું પક્ષીય દ્રષ્ટિકોણ આપે છે. જ્યાં એક્ટની કલમ ૭(૧) હેઠળ ઉલ્લેખિત બાબતોના સંબંધમાં સિવિલ કોર્ટ અને ક્રિમિનલ કોર્ટની હકૂમતને ખાસ બાકાત રાખવામાં આવી હતી, ત્યાં તેનો એવો પણ જરૂરી સૂચિતાર્થ છે કે ફેમિલી કોર્ટ પાસે માત્ર કલમ ૭(૧) ના ખુલાસામાં ઉલ્લેખિત બાબતો પર જ કાર્યવાહી કરવાની હકૂમત છે અને અન્ય કોઈ બાબત પર નહીં. આમ, તે મર્યાદિત હકૂમતવાળી કોર્ટ છે.

૩૬. અરજીકર્તાઓ મુજબ, તેઓ ફેમિલી કોર્ટની અધ્યક્ષતા કરીને ન્યાયાધીશના કાર્યો કરતા આવ્યા છે અને તેથી, રાજ્યની ન્યાયિક સેવાઓના ભાગ તરીકે ગણાવા માટે હકદાર છે અને, પરિણામે, સંવિધાનના અનુચ્છેદ ૨૧૭ ની શરતો મુજબ તેમને 'ન્યાયિક હોદ્દો' ધરાવતા હોવાનું માનવામાં આવશે. તેથી, એક તરફ ફેમિલી કોર્ટ અને બીજી તરફ મહારાષ્ટ્ર રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓના સભ્યો દ્વારા અધ્યક્ષતાવાળી કોર્ટ વચ્ચે સમાનતા અને ભેદના મુદ્દાઓની તપાસ કરવી થોડી સુસંગત છે, જે નીચે મુજબ છે:

| ક્ર. નં. | ડિસ્ટ્રિક્ટ કોર્ટ | ફેમિલી કોર્ટ |
|---|---|---|
| ૧. | ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટ ઉચ્ચતર ન્યાયતંત્ર માટેના ૨૦૦૮ ના નિયમો સાથે વંચાણે લેતા બંધારણીય જોગવાઈઓ હેઠળ બનાવવામાં આવી છે. | તે કાયદા એટલે કે એક્ટની કલમ ૩ દ્વારા બનાવવામાં આવી છે. |
| ૨. | ૨૦૦૮ ના નિયમોના નિયમ ૫ અને ૬ સાથે વંચાણે લેતા | ફેમિલી કોર્ટના ન્યાયાધીશોની નિમણૂક એક્ટની કલમ ૪ ની |

| | | |
|---|---|---|
| | અનુચ્છેદ ૨૩૩ ની જોગવાઈઓ અનુસાર ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજીસની નિમણૂક કરવામાં આવે છે. | જોગવાઈઓ અનુસાર કરવામાં આવે છે. |
| ૩. | ડિસ્ટ્રિક્ટ જજીસ ન્યાયિક કાર્યો બજાવે છે. | ફેમિલી કોર્ટના ન્યાયાધીશો પણ એક્ટ હેઠળ ન્યાયિક કાર્યો બજાવે છે. |
| ૪. | ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ તમામ પ્રકારના સિવિલ/ક્રિમિનલ કેસોમાં હકૂમત વાપરે છે અને નક્કી કરે છે. તેઓ મૂળ, અપીલીય અને રિવિઝનલ હકૂમતનો પણ ઉપયોગ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ ખૂબ જ વ્યાપક હકૂમત વાપરે છે. | ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર મર્યાદિત હકૂમતનો ઉપયોગ કરે છે અને માત્ર એક્ટની કલમ ૭(૧) ના ખુલાસાના ક્ષેત્ર અને દાયરામાં કડક રીતે આવતી બાબતો નક્કી કરે છે. આમ, તેઓ મર્યાદિત હકૂમતનો ઉપયોગ કરે છે. |
| ૫. | સિવિલ પ્રોસિજર કોડની કલમ ૮૯ ની જોગવાઈઓ અનુસાર સિવિલ કોર્ટ સંબંધિત ફોરમને મામલો સંદર્ભિત કરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ તેઓએ મામલો નક્કી કરવા જવાનો હોય છે, મુખ્યત્વે, ગુણદોષના આધારે અને કાયદા અને હકીકતના દરેક મુદ્દાનો જવાબ આપીને. | ફેમિલી કોર્ટ એક્ટના ઉદ્ધેશ્યની શરતો મુજબ, મુખ્યત્વે સમાધાનના પ્રયાસો કરવાની જરૂર હોય છે અને મામલો થાળે પાડવાનો દરેક પ્રયાસ કરવો જોઈએ અને પછી જ તે એક્ટની જોગવાઈઓ હેઠળ દર્શાવેલ મર્યાદિત વ્યાપની અંદર નિર્ધારણ માટે આગળ વધી શકે છે. |
| ૬. | સંવિધાનના અનુચ્છેદ ૨૩૩(૨) હેઠળ, યુનિયન અથવા રાજ્યની | ફેમિલી કોર્ટના જજની નિમણૂક માટે બહાર પાડવામાં આવેલી |

| | | |
|---|---|---|
| | સેવામાં રહેલી વ્યક્તિ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજની પોસ્ટ માટે અરજી કરવા માટે પણ પાત્ર નથી. તે મુખ્યત્વે સાત વર્ષની પ્રેક્ટિસ ધરાવતા એડવોકેટ્સ હોય છે જેઓ પોસ્ટ માટે અરજી કરવા હકદાર છે. તેઓએ, ૨૦૦૮ ના નિયમોના નિયમ ૬ ના નિયમો અને શરતો અનુસાર, તે પોસ્ટ પર નિમણૂક માટે યોગ્ય ગણાતા પહેલા દરેક પેપરમાં અને એકંદરે ઓછામાં ઓછા ૫૦% ગુણ અને મૌખિક કસોટીમાં ૪૦% મેળવીને લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવી પડે છે. | જાહેરાત હેઠળ તેમજ એક્ટની જોગવાઈઓ હેઠળ, અરજી કરવા માટે પાત્ર વ્યક્તિઓનો વ્યાપ ઘણો વ્યાપક છે અને યુનિયન અથવા રાજ્યની સેવામાં રહેલી વ્યક્તિ પણ તે પોસ્ટ માટે અરજી કરી શકે છે અને નિમણૂક પામી શકે છે. હકીકતમાં, જો તેમને સેવા મારફત અથવા અન્યથા પારિવારિક વિવાદોના પતાવટનો અનુભવ હોય, તો તેમને નિમણૂકની બાબતમાં પ્રાધાન્ય આપવાની જરૂર છે. તેઓએ કોઈપણ લેખિત પરીક્ષામાં સ્પર્ધા કરવાની હોતી નથી પરંતુ, અરજીકર્તાઓની જેમ, મુખ્યત્વે માત્ર ઈન્ટરવ્યુ દ્વારા પસંદ કરવામાં આવે છે. |
| ૭. | ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજીસની કેડરની વ્યક્તિઓ અગાઉ એક્ટની કલમ ૮ અમલમાં આવી તે પહેલાં પારિવારિક અને વૈવાહિક કેસો સહિતના તમામ કેસોનો સામનો કરી ચૂકી હતી. એક્ટની કલમ ૮ ની શરતો મુજબ હકૂમત બાકાત રાખ્યા પછી પણ, તેઓ વધુ વ્યાપક ક્ષેત્ર અને વિષયો પર | ફેમિલી કોર્ટ માત્ર એક્ટની કલમ ૭(૧) માં નિર્દિષ્ટ બાબતોના સંબંધમાં જ હકૂમતનો ઉપયોગ કરે છે, જેના પર એક્ટની કલમ ૮ ની શરતો મુજબ સિવિલ કોર્ટની હકૂમત બાકાત રાખવામાં આવી છે. |

| | | |
|---|---|---|
| | હકૂમતનો ઉપયોગ કરે છે. | |
| ૮. | ડિસ્ટ્રિક્ટ જજ અને ખાસ કરીને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ ડિસ્ટ્રિક્ટ કોર્ટના તાબાની કોર્ટો પર વિશાળ વહીવટી તેમજ ન્યાયિક નિયંત્રણ ધરાવે છે. | ફેમિલી કોર્ટના જજ ભાગ્યે જ કોઈ વહીવટી હકૂમતનો ઉપયોગ કરે છે અને અન્ય કોઈપણ કોર્ટ પર કોઈ વહીવટી નિયંત્રણ ધરાવતા નથી. |
| ૯. | તેની સમક્ષની વિવિધ કાર્યવાહીના નિર્ધારણમાં વકીલોને કોર્ટ સમક્ષ હાજર થવાની અને મદદ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. આ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજને કાયદાના વિવિધ ક્ષેત્રોમાં વધુ સારો અનુભવ મેળવવામાં મદદ કરે છે. | ફેમિલી કોર્ટ સમક્ષ વકીલો દ્વારા રજૂઆત અને સહાયનો અધિકાર એક્ટની કલમ ૧૩ ની શરતો મુજબ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. |
| ૧૦. | સિવિલ કોર્ટ કાયદા અનુસાર કડક રીતે કામ કરે છે અને એવિડન્સ એક્ટ, ક્રિમિનલ પ્રોસિજર કોડ અને સિવિલ પ્રોસિજર કોડની જોગવાઈઓનું પાલન કરે છે. | ફેમિલી કોર્ટ માટે પુરાવા નોંધવા અને સિવિલ પ્રોસિજર કોડ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટની જોગવાઈઓ અનુસાર તેમના કાર્યો કરવા માટે કડક જરૂર નથી. કલમ ૧૪ ની શરતો મુજબ, તેઓ તેમની સમક્ષ પેન્ડિંગ કાર્યવાહી નક્કી કરવા માટે તેમની પોતાની પ્રક્રિયા વિકસાવી શકે છે. |

૩૭. ભેદભાવના સ્પષ્ટ મુદ્દાઓને ધ્યાનમાં લેતા, જે નોંધપાત્ર છે અને શિક્ષણ, કામગીરી અને ન્યાયિક ફરજોના નિર્વહનને અસર કરે છે, ફેમિલી કોર્ટના ન્યાયાધીશો અને મહારાષ્ટ્ર રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓના સભ્યો

વચ્ચેની અસમાનતા સ્પષ્ટપણે જોવા મળે છે. કેસો નક્કી કરતી વખતે તેઓ જે પ્રકારની હકૂમતનો ઉપયોગ કરે છે તે ધ્યાનમાં રાખીને, કોર્ટ માટે એવું ઠેરવવું મુશ્કેલ છે કે તેઓ સમાનતા ધરાવે છે અને તેમની સેવાઓ એ હદે અદલાબદલી કરી શકાય તેવી છે કે ફેમિલી કોર્ટના પ્રિસાઇડિંગ ઓફિસર્સને રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓના સભ્યોનો દરજ્જો આપવામાં આવશે.

૩૮. ન્યાયનો યોગ્ય વહીવટ, સંવિધાનના મુખ્ય લક્ષ્યો પૈકી એક હોવાથી, તે તમામ કાનૂની ક્ષેત્રોમાં નિશ્ચિત વિશેષજ્ઞતા સાથે સમાજની અપેક્ષાઓ સાથે સુસંગત હોવો જોઈએ. ન્યાયનો વહીવટ, પોતે જ, તેના દાયરામાં મુખ્યત્વે ન્યાયિક અનુભવ અને વિશેષજ્ઞતાને કાયદા અનુસાર પક્ષકારો વચ્ચેના વિવાદો નક્કી કરીને તેમજ કોર્ટોના વંશવેલામાં યોગ્ય વહીવટ સુનિશ્ચિત કરીને આવરી લે છે. ઉચ્ચતર ન્યાયિક સેવાઓના સભ્યો નિયમો મુજબ રેકોર્ડની જાળવણી, અન્ય કોર્ટોનું નિરીક્ષણ, જેલોનું નિરીક્ષણ અને નિર્ધારિત પ્રક્રિયાઓનું યોગ્ય પાલન સુનિશ્ચિત કરવા જેવી ફરજો બજાવે છે. ફેમિલી કોર્ટના ન્યાયાધીશો પણ આવા કાર્યો કરતા હોઈ શકે છે પરંતુ તે ચોક્કસપણે ખૂબ જ મર્યાદિત અંશે. ન્યાયિક ક્ષેત્રમાં તેમનો અનુભવ તેમજ ન્યાયના વહીવટને ચેનલાઈઝ કરવાનો અનુભવ તુલનાત્મક રીતે સાંકડા સ્વભાવનો હોય છે.

૩૯. તેથી, અમે એવું ઠેરવવામાં અસમર્થ છીએ કે જરૂરી સૂચિતાર્થ દ્વારા અથવા સમાનતાના દાવા પર, ફેમિલી કોર્ટના પ્રિસાઇડિંગ ઓફિસર્સને બંધારણીય જોગવાઈઓ અને સંબંધિત નિયમોની શરતો મુજબ મહારાષ્ટ્ર રાજ્યની ઉચ્ચતર ન્યાયિક સેવાઓ (ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજીસ) ના સભ્યો ગણી શકાય.

અનુચ્છેદ ૨૧૭ ના અર્થમાં 'ન્યાયિક હોદ્દો'

૪૦. જો, દલીલ ખાતર, અમે અરજીકર્તાઓ વતી ઊભી કરવામાં આવેલી દલીલો સ્વીકારીએ, તો પણ સૌથી નોંધપાત્ર પ્રશ્ન જે વિચારવાની જરૂર છે તે એ છે કે શું તેઓ અનુચ્છેદ ૨૧૭ ના અર્થમાં 'ન્યાયિક હોદ્દો' ધરાવે છે જે હાઇકોર્ટમાં બઢતી માટે વિચારણા માટેની પૂર્વ શરત છે.

૪૧. આપણી સમક્ષના મુદ્દાની તપાસ કરવાના હેતુથી, સંવિધાનના અનુચ્છેદ ૨૧૭ ની સાથે અનુચ્છેદ ૨૩૩ ની યોજના તપાસવી યોગ્ય રહેશે. અનુચ્છેદ ૨૩૩(૨) જોગવાઈ કરે છે કે યુનિયન અથવા રાજ્ય સરકારની સેવામાં રહેલી વ્યક્તિ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિમણૂક માટે વિચારણા કરવા પાત્ર નથી અને જે વ્યક્તિ સાત વર્ષથી ઓછા સમય માટે એડવોકેટ અથવા પ્લીડર ન રહી હોય. આ રાજ્યના અન્ય અંગોની સરખામણીમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટેનો બંધારણીય આદેશ સ્પષ્ટપણે દર્શાવે છે. આના વિરોધાભાસમાં, યુનિયન અથવા રાજ્યની સેવામાં રહેલ વ્યક્તિ ફેમિલી કોર્ટના જજ તરીકે નિમણૂક માટે પાત્ર રહેશે. સંવિધાનના અનુચ્છેદ ૨૧૭(૨) ને નકારાત્મક ભાષામાં ઘડવામાં આવ્યો છે. તે જણાવે છે કે જ્યાં સુધી વ્યક્તિ તે અનુચ્છેદમાં જણાવેલી તમામ શરતોને સંતોષતી ન હોય ત્યાં સુધી તે હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે લાયક રહેશે નહીં. અનુચ્છેદ ૨૧૭(૨)(એ) ની શરતો મુજબ, વ્યક્તિએ ઓછામાં ઓછા દસ વર્ષ સુધી ભારતના રાજ્યક્ષેત્રમાં 'ન્યાયિક હોદ્દો' ધરાવતો હોવો જોઈએ. આમ, સંપૂર્ણ ભાર 'ન્યાયિક હોદ્દો' શબ્દપ્રયોગ પર છે. ભારતના સંવિધાનમાં 'ન્યાયિક હોદ્દો' શબ્દપ્રયોગને ક્યાંય પણ વ્યાખ્યાયિત કરવામાં

આવ્યો નથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૩૬ હેઠળ જે 'ડિસ્ટ્રિક્ટ જજ' અથવા 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગો સમજાવવામાં આવ્યા છે તેનાથી વિપરિત. તેમ છતાં આ શબ્દપ્રયોગ વિવિધ પ્રસંગોએ અને વિવિધ સંદર્ભોમાં આ કોર્ટની વિચારણા માટે આવ્યો છે. એચ.આર. દેબ (ઉપર મુજબ) ના કેસમાં, આ કોર્ટે 'ન્યાયિક હોદ્દો' અને 'ન્યાયિક સેવા' વચ્ચેના તફાવત પર વિચાર કર્યો અને ઠેરવ્યું કે 'ન્યાયિક હોદ્દો' શબ્દપ્રયોગ ન્યાયિક કાર્યોના નિર્વહન કરતાં વધુ દર્શાવે છે. આ શબ્દપ્રયોગ માને છે કે ત્યાં એક હોદ્દો છે અને તે હોદ્દો મુખ્યત્વે ન્યાયિક છે. શ્રી કુમાર પદ્મ પ્રસાદ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા [(૧૯૯૨) ૨ એસ.સી.સી. ૪૨૮] ના કેસમાં, આ કોર્ટ એ વિચાર કરી રહી હતી કે શું ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જેવી સત્તાઓ ધરાવતા લીગલ રિમેમ્બ્રેન્સર–કમ–સેક્રેટરી (લો અને જ્યુડિશિયલ) અને ડેપ્યુટી કમિશનરના આસિસ્ટન્ટ, હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂકના હેતુઓ માટે ન્યાયિક હોદ્દો ધરાવતા હતા કે કેમ. કોર્ટે ભલામણ વિરુદ્ધ પ્રશ્નનો જવાબ આપતી વખતે નીચે મુજબ ઠેરવ્યું:

> "૨૧. આ કોર્ટે અધિકૃત રીતે નિર્ધારિત કર્યું છે કે અનુચ્છેદ ૨૩૩(૨) હેઠળ ડિસ્ટ્રિક્ટ જજીસની નિમણૂક માત્ર સંવિધાનના અનુચ્છેદ ૨૩૬(બી) હેઠળ વ્યાખ્યાયિત મુજબની રાજ્યની ન્યાયિક સેવામાંથી જ થઈ શકે છે. ૨૨. ઉપરોક્ત સંદર્ભમાં જ આપણે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૭(૨)(એ) હેઠળ "ન્યાયિક હોદ્દો" શબ્દપ્રયોગના અર્થનું અર્થઘટન કરવાનું છે. હાઇકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક બે સ્ત્રોતોમાંથી કરવામાં આવે છે, બારના સભ્યો અને દસ વર્ષથી ઓછા સમય માટે નહીં "ન્યાયિક હોદ્દો"

ધરાવતા વ્યક્તિઓમાંથી. ડિસ્ટ્રિક્ટ જજથી ઉતરતી કક્ષાની કોર્ટનું સંચાલન કરતા તાબાના ન્યાયિક અધિકારીને પણ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરી શકાય છે. સામાન્ય અર્થમાં "ન્યાયિક હોદ્દો" શબ્દપ્રયોગમાં એવા વિવિધ પ્રકારના હોદ્દાઓ સામેલ હોઈ શકે છે જેઓ કોઈક રીતે ન્યાયના વહીવટ સાથે જોડાયેલા છે. ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ હેઠળ ન્યાયિક મેજિસ્ટ્રેટની સત્તાઓ એવી કોઈપણ વ્યક્તિને આપી શકાય છે જે સરકાર હેઠળ કોઈ હોદ્દો ધરાવે છે અથવા ધરાવતો હતો. કારોબારી હેઠળ વિવિધ હોદ્દાઓ ધરાવતા અધિકારીઓને ચોક્કસ પરિસ્થિતિને પહોંચી વળવા માટે વારંવાર મેજિસ્ટ્રિયલ સત્તાઓ સોંપવામાં આવે છે. શું સંવિધાનના નિર્માતાઓના મનમાં આ પ્રકારના 'હોદ્દાઓ' હતા જ્યારે તેઓએ "ન્યાયિક હોદ્દો" ધરાવતા લોકોમાંથી હાઈકોર્ટના ન્યાયાધીશના ઉચ્ચ હોદ્દા પર નિમણૂક માટેનો સ્ત્રોત પૂરો પાડ્યો હતો. જવાબ નકારાત્મક જ હોવો જોઈએ. અમારો મત છે કે અનુચ્છેદ ૨૧૭(૨)(એ) હેઠળ "ન્યાયિક હોદ્દો" ધારણ કરનાર એટલે તે વ્યક્તિ જે માત્ર ન્યાયિક કાર્યોનો ઉપયોગ કરે છે, આંતરપક્ષીય કારણો નક્કી કરે છે અને ન્યાયિક ક્ષમતામાં નિર્ણયો આપે છે. તે ન્યાયિક સેવાનો હોવો જોઈએ જે વર્ગ તરીકે કારોબારી નિયંત્રણથી મુક્ત હોય અને ન્યાયતંત્રની ગરિમા, અખંડિતતા અને સ્વતંત્રતા જાળવવા શિસ્તબદ્ધ હોય."

૪૨. ઉપર જણાવેલા કાયદાને ધ્યાનમાં રાખીને, 'ન્યાયિક હોદ્દો' શબ્દપ્રયોગનું અર્થઘટન એવી રીતે થવું જોઈએ કે તે બંધારણીય યોજના સાથે સુસંગત હોય. ન્યાયિક હોદ્દાને 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગ સાથે જોડીને વાંચી શકાય. 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગને સંવિધાન હેઠળ આપવામાં આવેલા અર્થ કરતાં વધુ વ્યાપક અર્થ આપી શકાય નહીં. તે અર્થને એટલી હદે વિસ્તારવો કે જેમાં વિવાદોના નિર્ધારણની પ્રક્રિયા સાથે કામ કરતી તમામ સેવાઓનો સમાવેશ થવો

જોઈએ, તે એવા શબ્દો દાખલ કરવા સમાન હશે જેનો સંવિંધાન દ્ધારા ઉપયોગ કરવામા આવ્યો નથી.

૪૩. આવો અભિગમ શક્ય ન હોઈ શકે અને કોઈપણ કિસ્સામાં સંવિધાનના અનુચ્છેદ ૨૧૭(૨)(એ), ૨૩૩ અને ૨૩૪ માં જણાવેલ બંધારણીય હેતુઓ પૂર્ણ કરશે નહીં. તે એક સ્થાપિત પ્રથા છે કે હાઇકોર્ટમાં બઢતી માટે, સામાન્ય રીતે, ઉચ્ચતર ન્યાયિક સેવાઓના સભ્યોને ગુણવત્તા–સહ–વરિષ્ઠતાના આધારે ધ્યાનમાં લેવામાં આવે છે. ફેમિલી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર્સ માટે ઉપલબ્ધ મર્યાદિત એક્સપોઝરને ધ્યાનમાં રાખીને, એવું ઠેરવવું શક્ય ન હોઈ શકે કે આવા અધિકારીઓ અનુચ્છેદ ૨૧૭(૨)(એ) ની શરતો મુજબ 'ન્યાયિક હોદ્દો' ધરાવે છે અને હાઇકોર્ટમાં બઢતી માટે વિચારણા કરવા પાત્ર છે. સંવિધાનના ભાગ ૬ ના પ્રકરણ ૫ ની યોજનાની 'ન્યાયિક હોદ્દો' તેમજ 'ન્યાયિક સેવા' શબ્દપ્રયોગોના અર્થ પર પોતાની અસર છે. ન્યાયાધીશો રાજ્યના કર્મચારીઓ નથી. ન્યાયતંત્રના સભ્યો તરીકે, તેઓ રાજ્યની સાર્વભૌમ ન્યાયિક સત્તાઓનો ઉપયોગ કરે છે. ન્યાયાધીશો, પછી ભલે તે કોઈપણ સ્તરે હોય, રાજ્ય અને તેની સત્તાનું પ્રતિનિધિત્વ કરે છે, અમલદારશાહી અથવા અન્ય સેવાઓના સભ્યોથી વિપરીત. કાયદાના વિકાસ સાથે, પક્ષકારો વચ્ચેના વિવાદોને નક્કી કરવા માટે અસંખ્ય ટ્રિબ્યુનલો અને અર્ધ–ન્યાયિક સંસ્થાઓ બનાવવામાં આવી છે. આવી ટ્રિબ્યુનલના કાર્યો, મુખ્યત્વે, અર્ધ–ન્યાયિક અને માત્ર સિવિલ ન્યાયશાસ્ત્રના ક્ષેત્રમાં છે. બીજા શબ્દોમાં કહીએ તો, આવી ટ્રિબ્યુનલો અથવા સંસ્થાઓ ખૂબ જ મર્યાદિત હકૂમતનો ઉપયોગ કરે છે. તેમને રાજ્યની ન્યાયિક સેવાઓના

અભિન્ન અંગ તરીકે ગણવા અથવા આપણા સંવિધાનમાં સમજ્યા મુજબ તેમને કોર્ટ કહેવું યોગ્ય રહેશે નહીં, માત્ર એટલા માટે કે તેઓ અંતિમ નિર્ણય આપે છે, કારણ કે તેઓ સાક્ષીઓને સાંભળે છે, કારણ કે તેમની સમક્ષ બે અથવા વધુ હરીફ પક્ષકારો હાજર થાય છે, કારણ કે તેઓ પક્ષકારોના અધિકારને અસર કરતા નિર્ણયો આપે છે અને તેમના નિર્ણય સામે અપીલ પૂરી પાડવામાં આવી શકે છે. સરકાર પણ, તેના વંશવેલામાં, હવે મર્યાદિત ન્યાયનિર્ણયની સત્તાઓ સાથે નિહિત છે પરંતુ તેનો અર્થ એ નથી કે આવા તમામ વ્યક્તિઓને ન્યાયિક સેવાઓના સભ્યો માનવામાં આવશે અને સંવિધાન હેઠળ ન્યાયિક હોદ્દો ધરાવતા હશે. લેબર લો પ્રેક્ટિશનર્સ એસોસિએશન (ઉપર મુજબ) ના કેસમાં, આ કોર્ટે તેના અગાઉના ચુકાદાઓનો સંદર્ભ આપ્યો હતો અને મંજૂરી સાથે પુનરાવર્તિત કર્યું હતું કે અનુચ્છેદ ૨૧૭(૨)(એ) હેઠળ 'ન્યાયિક હોદ્દા' નું અર્થઘટન સંવિધાનના ભાગ ૬ ના પ્રકરણ ૫ અને પ્રકરણ ૬ ની યોજના સાથે સુસંગત રીતે થવું જોઈએ. આમ અર્થઘટન કરતા, તેનો અર્થ એવો 'ન્યાયિક હોદ્દો' થાય છે જે સંવિધાનના અનુચ્છેદ ૨૩૬(બી) હેઠળ વ્યાખ્યાયિત ન્યાયિક સેવાઓનો હોય. આ કોર્ટે, શ્રી કુમાર પદ્મ પ્રસાદ (ઉપર મુજબ) ના કેસમાં પણ ઠેરવ્યું હતું કે જ્યારે કોઈ વ્યક્તિ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત થવા માટે પાત્ર નથી, ત્યારે તેને હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે પાત્ર માનવામાં આવે તો તે સંવિધાનની મજાક સમાન હશે. બંધારણીય યોજના સ્પષ્ટ છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતા સંવિધાનનું મૂળભૂત લક્ષણ છે. આપણું સંવિધાન, ઓસ્ટ્રેલિયન સંવિધાનથી વિપરીત કે જેમાં સત્તાઓનું કઠોર વિભાજન છે, તે

જોગવાઈ કરતું નથી કે ન્યાયિક સત્તાઓ માત્ર યોગ્ય રીતે કહેવાતી કોર્ટોને જ આપી શકાય છે. બંધારણીય જોગવાઈઓનું આ અંતર્ગત લક્ષણ હોવાથી, સિવિલ પ્રકૃતિના વિવાદો નક્કી કરતી દરેક સંસ્થાને 'કોર્ટ' તરીકે અથવા આવી સંસ્થાની અધ્યક્ષતા કરનાર વ્યક્તિને 'ન્યાયિક હોદ્દો' ધારણ કરનાર તરીકે નિયુક્ત કરવા તે બંધારણીય આદેશ સાથે સુસંગત રહેશે નહીં.

૪૪. અગાઉ નોંધાયેલા કારણોસર, અમને એવું ઠેરવવામાં કોઈ સંકોચ નથી કે પ્રિન્સિપાલ અને ફેમિલી કોર્ટના અન્ય ન્યાયાધીશો આવી કોર્ટોના 'સામાન્ય અર્થમાં' અધ્યક્ષતા કરતા 'ન્યાયાધીશો' હોઈ શકે છે પરંતુ કડક અર્થમાં તેઓ અનુચ્છેદ ૨૩૬ હેઠળ વ્યાખ્યાયિત મહારાષ્ટ્ર રાજ્યની 'ન્યાયિક સેવાઓ' ના સભ્યો/અભિન્ન અંગ નથી અથવા તો તેઓ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૭ હેઠળ વિચારાયેલ 'ન્યાયિક હોદ્દો' ધરાવતા નથી. આમ, હાઇકોર્ટમાં બઢતી માટે વિચારણા કરવા અંગે તેઓ કોઈ કાયદેસરનો હક (જસ લેજીટીમમ) ધરાવતા નથી. તેથી, અમને આ રીટ પીટીશનમાં કોઈ મેરિટ જણાતું નથી. સદરહુ મામલાનો નિકાલ કરવામાં આવ્યો (નામંજૂર કરવામાં આવે છે).

૪૫. જોકે, આ કેસના તથ્યો અને સંજોગોમાં, ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

રીટ પીટીશન નામંજૂર.

*The translation of this judgment has been provided by M/s. Hyperlink E-Solutions Pvt. Ltd.*

==================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.